વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ બારસ • તારીખ : ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૩, મંગળવાર • વર્ષ : ૧૫ • અંક : ૬૧
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ • અમદાવાદ • કિંમત : રૂા. ૨.૦૦ • પાના : ૮

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886





## મહિસાગર જિલ્લાના સંતરામપુર ખાતે

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત પત્રકાર સંમેલન યોજાયુ

। મહિસાગર બ્યૂરો ચીફ - સંતોષ જોષી દ્વારા, તા.૨૫ ।

૨૪ સપ્ટેમ્બર રવિવારના રોજ નગરપાલિકા હોલ સંતરામપુર, મહિસાગર જિલ્લા ખાતે પત્રકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં મહિસાગર જિલ્લાના ચેનલ નાઈન નેટવર્ક ગુજરાતના તમામ પત્રકારોને સન્માનિત કરવામાં આવ્યા હતા, સાથે જ અતિથી વિશેષ તરીકે પ્રો. કુબેરભાઈ મનસુખભાઈ ડીંડોર, કેબીનેટ મંત્રી, અને ચેનલ નાઈન નેટવર્ક ગુજરાતના તંત્રી સુરેશ આર પટેલના નેતૃત્વ હેઠળ પત્રકાર સંમેલનનું આયોજન કરાયુ હતું, અતિથી વિશેષ પ્રો. કુબેરભાઈ મનસુખભાઈ ડીંડોર અને સ્થાનિક પત્રકારો, સરકારી મહેમાનો સાથે મળીને દિવ પ્રગટાવીને પત્રકાર સંમેલનની શરૂઆત કરી હતી, જ્યારે એડિટર સુરેશ આર. પટેલે પોતાના હસ્તે તમામ સરકારી અધિકારીઓ, પત્રકાર મિત્રોને મોમેન્ટો આપીને સન્માનિત કર્યા હતા અને અંતે સાથે ભોજન લઈને વિદાય લીધી હતી.

































૨૪ સપ્ટેમ્બર રવિવારના રોજ સંતરામપુર ખાતે સત્કાર સમારંભમાં ચેનલ નાઈન નેટવર્ક ગુજરાતના એડિટર શ્રી સુરેશભાઈ પટેલ સાહેબે તમામ પત્રકરને ટ્રોફી આપી સન્માનિત કરેલ, જેમાં અમારા સી.એન.એન. ગુજરાત આનંદ જિલ્લાના મનીષ પ્રજાપતિ ને એડિટર સાહેબે સન્માન કરી ટ્રોફી એનાયત કરી હતી બાદમાં મનીષ પ્રજાપતીએ આ સમારંભમાં એન્કરિંગ કરી પત્રક મિત્રોને વાચા આપી હતી.



સંતરામપુર ખાતે ભવ્ય ચેનલ નાઈન નેટવર્ક ગુજરાતનો સત્કાર સમારંભ યોજાઈ ગયો. જ્યા ગુજરાતના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર (પ્રા.આરોગ્ય, જ્ઞાતી સમિતિ ના મંત્રી) ઉપસ્થિત રહેલ તેમનું સ્વાગત અમારા સી.એન.એન ગુજરાતના આણંદ જિલ્લાના પત્રકાર મનીષ પ્રજાપતિએ ફુલહાર થી સ્વાગત કર્યું હતું.



### ખાતરી કર્યા વગર નોકર રાખતા હોવ તો ચેતી જજો

# લાખોની ઘરફોડ ચોરી કરી ફરાર થનાર બંને ઘરઘાટી ઝડપાયા

। સિલવાસા, તા.૨૫ ।

કોર નામના આ બંને આરોપીઓ બનાસકાંઠાના વાવના રહેવાસી છે. જેઓ માત્ર એક અઠવાડિયાથી જ સેલવાસનાના દાદરા વિસ્તારના આ શાહ પરિવારના ત્યાં ઘરઘાટી નોકર તરીકે કામ કરતા હતા. આ પરિવાર પોતે રાખેલા નોકરોથી પરિચિત ન હતો. પરંતુ સુરતના પોતાના એક પરિચિતના કહેવાથી તેમને ઘરે નોકરીએ રાખ્યા હતા. જોકે સાધન સંપન્ન પરિવારના ત્યાં નોકરી કરતા આ નોકરોએ જે થાળીમાં ખાધું તેમ જ જાણે છેદ કર્યો હોય તેમ જે પરિવારે તેમને નોકરીએ રાખ્યા હતા. તેમના જ ઘરમાં મોકો મળતા હાથ ફેરો કરી અને તિજોરી સાફ કરી હતી. લાખોની ઘરફોડ ચોરી કરી ફરાર થનાર આ બંને ઘરઘાટીઓ પોતાના વતન થરાદ ભાગવામાં સફળ થાય તે પહેલા જ વાપી પોલીસે ઝડપી લીધા છે. તહેવારોની મોસમમાં દારૂની ચેકીંગ કરી રહેલ વાપી પોલીસને બગાસું ખાતા પતાસું મળ્યું છે. વધુ માહિતી આપતા વાપીના ડીવાયએસપી બીએન દવેએ જણાવ્યું કે, સેલવાસના દાદરા વિસ્તારનો શાહ પરિવાર પર્યુષણ હોવાથી દેરાસરમાં ગયો હતો. એ વખતે જ આરોપીઓએ મોકો મળતા ઘરની તિજોરીમાં હાથ ફેરો કર્યો હતો અને ત્યારબાદ ઘરથી નીકળી ગયા હતા. જો કે દેરાસરથી ઘરે આવ્યા બાદ પણ આ પરિવારને ઘરમાં કોઈ જગ્યાએ ચોરી થઈ હોવાનો અણસાર પણ આવ્યો ન હતો.

### આણંદની મહિલાએ પતિના મૃતદેહની ઓળખ કરી હતી

# પુત્રનો ડીએનએ મેચ થતો ન હોવાના કારણે સરકાર ડેથ સર્ટિફિકેટ આપતી નથી

। આણંદ, તા.૨૫ ।

પોલીસને જ્યારે કોઈ અજાણ્યો મૃતદેહ મળી આવે અને કોઈ પરિવાર તેના માટે ક્લેમ કરે ત્યારે ઘણી વખત કાનૂની વિવાદ પેદા થતો હોય છે. ખાસ કરીને મૃતહેદની ઓળખ બરાબર થઈ છે કે નહીં તે વિશે શંકા હોય ત્યારે ડેથ સર્ટિફિકેટ માટે કાનૂની જંગ ખેલાય છે. આણંદમાં એક મહિલાએ એક મૃતદેહને પોતાના પતિના ડેડ બોડી તરીકે ઓળખી કાઢ્યો હતો જેની પોલીસે અંતિમક્રિયા પણ કરી નાખી હતી. પરંતુ તેના પુત્રનો હ્વદ્રછ તેની સાથે મેચ થતો ન હોવાના કારણે સત્તાવાળાઓ તેને મૃત્યુનું સર્ટિફિકેટ નથી આપી રહ્યા. આ કાનૂની લડાઈ છેલ્લા આઠ વર્ષથી ચાલી રહી છે. આ મામલો હવે ગુજરાત હાઈકોર્ટમાં ચાલે છે અને કોર્ટ પણ દરમિયાનગીરી કરવાનો ઈનકાર કરે છે. ગયા અઠવાડિયે ગુજરાત હાઈકોર્ટે ચોથી વખત આ કેસમાં કોઈ નિર્દેશ આપવાનો ઈનકાર કર્યો હતો. ગુમશુદા વ્યક્તિના પુત્રની માગણી છે કે લોકલ ઓથોરિટી તેને તેના પિતાનું ડેથ સર્ટિફિકેટ આપે તે માટે કોર્ટે સૂચના આપવી જોઈએ.

આ કેસની વિગત પ્રમાણે ગુજરાત એસટીમાં કામ કરતા છોટા ભાઈ પારેખ સપ્ટેમ્બર ૨૦૧૫થી ગુમ થયા હતા. તેના પરિવારજનોએ વિરસદ પોલીસ સ્ટેશનમાં છોટાભાઈ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ ખંભાત રુરલ પોલીસ સ્ટેશનને એક અજાણ્યો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે બે દિવસ પછી આ મૃતદેહની અંતિમવિધિ કરી નાખી પરંતુ વ્યક્તિ ગુમ થયાની ફરિયાદ નોંધાઈ હોવાથી પોલીસે છોટાભાઈના પરિવારજનોને બોલાવ્યા. તેમને મૃતકનો ફોટો દેખાડવામાં આવ્યો કારણ કે બોડીનો નિકાલ કરી દેવામાં આવ્યો હતો. છોટાભાઈની પત્ની મીનાએ કહ્યું કે ફોટોમાં જે વ્યક્તિ દેખાય છે તે તેના પતિ જ છે.

### ગુજરાતના ખેડૂતો માટે ખુશખબર

# ૨૧મી ઓક્ટોબરથી ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી થશે

## ખેડૂતો પાસેથી ટેકાના ભાવે રૂ. ૬૩૬૪ કરોડની કિંમતની ૯.૯૮ લાખ મે. ટન મગફળીની ખરીદી કરાશે

। ગાંધીનગર, તા.૨૫ ।

રાજ્યના ખેડૂતો માટે સરકારે આવકારદાયક નિર્ણય લીધો છે. કૃષિ મંત્રીએ જાહેરાત કરી કે, ખેડૂતો પાસેથી ટેકાના ભાવે રૂ. ૬૩૬૪ કરોડની કિંમતની ૯.૯૮ લાખ મે. ટન મગફળી અને રૂ. ૪૨૦ કરોડની ૯૧,૩૪૩ મે. ટન સોયાબીનની ખરીદી કરાશે. ગાંધીનગર ખાતે કૃષિ મંત્રીના અધ્યક્ષસ્થાને ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાના આયોજન અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. ગુજરાતમાં આગામી તા. ૨૧મી ઑક્ટોબરથી ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી થશે. ખેડૂતો તા. ૨૫ સપ્ટેમ્બરથી ૧૬ ઑક્ટોબર સુધી ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવી શકશે.

ગાંધીનગર ખાતે ગત તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાના આયોજન અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. કૃષિ મંત્રીશ્રી જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં ટેકાના ભાવે ખરીદી અંગે કરાયેલા આયોજનની માહિતી આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત પી.એસ.એસ. હેઠળ ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન પાકની ટેકાના ભાવે આગામી તા. ૨૧મી ઑક્ટોબર અને શનિવારના રોજથી ખરીદી શરૂ કરવા માટેનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્યમાં મગફળી માટે ૧૬૦, મગ માટે ૭૩, અડદ માટે ૧૦૫ અને સોયાબીન માટે ૯૭ ખરીદ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે, જ્યાંથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ચાલુ સીઝનમાં રાજ્યના ખેડૂતો પાસેથી રૂ. ૬૩૬૪.૨૪ કરોડ મૂલ્યની ૯.૯૮ લાખ મેટ્રિક ટન મગફળી અને રૂ. ૪૨૦ કરોડ મૂલ્યના ૯૧,૩૪૩ મેટ્રિક ટન સોયાબીનની ખરીદી કરવાનું આયોજન છે. ખેડૂતોને ટેકાના ભાવે ખરીફ પાકોનું વેચાણ કરવા અનુરોધ કરતા મંત્રીએ ઉમેર્યું હતું કે, ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવા માટે રાજ્યના તમામ જિલ્લાના ખેડૂતોએ તા. ૨૫ સપ્ટેમ્બરથી ૧૬ ઑક્ટોબર દરમિયાન ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ફ્રઝઈ મારફત ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે, અને આ માટે રાજ્ય સરકાર દ્વારા પૂરતું આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ખરીફ પાકોનું વાવેતર થાય તે અગાઉ જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. જે અનુસાર મગફળીનો ટેકાનો ભાવ રૂ. ૬૩૭૭ પ્રતિ કિવ., મગનો ટેકાનો ભાવ રૂ. ૮૫૫૮ પ્રતિ કિવ., અડદનો ટેકનો ભાવ રૂ. ૬૯૫૦/- પ્રતિ કિવ. અને સોયાબીનનો ટેકનો ભાવ રૂ. ૪૬૦૦ પ્રતિ કિવ. જાહેર કરવામાં આવ્યો છે.

### ૨ ઓક્ટોબરથી ૧૪ ઓક્ટોબર વચ્ચે ચક્રવાત સર્જાશે

# ૨૫ મી સપ્ટેમ્બરથી ચોમાસાની વિદાય થાય તેવી શક્યતાઓ

## ૨૩મીથી ભારે ગરમી પડતી જોવા મળશે પરંતુ દેશના પશ્ચિમ ભાગના અરબી સમુદ્રમાં મોટી હલચલ જોવા મળશે

। અમદાવાદ, તા.૨૫ ।

દેશમાં ચોમાસું ફરી સક્રિય થયું છે. બે મજબૂત સિસ્ટમ સર્જાઈ છે. જેને કારણે ફરીથી દેશના ૬૦ ટકા ભાગમાં વરસાદ જોવા મળશે. દેશમાં નવરાત્રિ પહેલા ભારે વરસાદની શક્યતા છે. દેશમાં ચોમાસું વિદાય પહેલા ફરી એકવાર સક્રિય થયુ છે. જુલાઈ અને સપ્ટેમ્બરમાં ચોમાસાએ ભારે કરી છે. એક આગાહી મુજબ, ૨૫ મી સપ્ટેમ્બરથી ચોમાસાની વિદાયની શક્યતા છે. આ પહેલા બંગાળના ઉપસાગરમાં એક પછી એક ચક્રવાતો બનતા જશે. ૨ ઓક્ટોબરથી ૧૪ ઓક્ટોબર વચ્ચે ચક્રવાત સર્જાશે. હવે સૂર્ય સાયન તુલા રાશિમાં તારીખ ૨૩ મીના રોજ બપોરે ૧૨ કલાક ૨૧ મિનિટે આવતા દક્ષિણ ગોળારંભમાં આવશે. ધીરે ધીરે સૂર્ય દક્ષિણ ગોળાર્ધમાં જશે અને ભારતમાં ચોમાસું વિદાય લેતુ જોવા મળશે. રાજસ્થાનમાંતી ૨૫ સપ્ટેમ્બરથી ચોમાસાની વિદાયની શરૂઆત થશે.

આમ, ધીરે ધીરે ચોમાસાની વિદાયની શરૂઆત થશે. તેના બાદ ૨૩મીથી ભારે ગરમી પડતી જોવા મળશે. પરંતું દેશના પશ્ચિમ ભાગના અરબી સમુદ્રમાં મોટી હલચલ જોવા મળશે. આ હલચલ જબરદસ્ત હશે. જેના કારણે પશ્ચિમ સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદની શક્યતા છે. ૨૫ થી ૩૦ સુધીમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકિનારાના ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે. ૩૦ સપ્ટેમ્બરથી બંગાળના ઉપસાગરમાં હવાનું હળવું દબાણ ઉભું થવાની શક્યતા છે. ૨ ઓક્ટોબરથી ૧૪ મી ઓક્ટોબર સુધીમાં હવાના હળવા દબાણથી ધીરે ધીરે ચક્રવાત સર્જાવાની શરૂઆત થશે. તારીખ ૪ થી ૧૨ ઓક્ટોબર વચ્ચે અરબ સાગરમાં પણ હલચલ જોવા મળશે. ધીરે ધીરે બંગાળના ઉપસાગરમાં એક પછી એક ચક્રવાતો બનતા જશએ. તેની અસર સીધી ગુજરાતમાં દેખાશે. જેનાથી વરસાદ આવશે.

૨૦૧૮ બાદ પહેલીવાર આવા ચક્રવાતની સ્થિતિ જોવા મળશે. ઋતુ વિજ્ઞાન પ્રમાણે લગભગ ત્રણ થી ચાર વર્ષે આવી સ્થિતિ બનતી હોય છે. અલ નિનો અને લા નિનોની પણ આવી સમયાંતરે સ્થિતિ બનતી જાય છે.

### કેનેડા ઉચ્ચ શિક્ષણ માટે જનારા ગુજરાતી વિદ્યાર્થીઓની પેટર્ન બદલાઈ

। અમદાવાદ, તા.૨૫ ।

કેનેડા અમેરિકા વચ્ચે સ્થિતિ વણસતા જે એડવાઈઝરી જાહેર કરાઈ છે, તેમાં કેનેડા જવા માંગતા અનેક વિદ્યાર્થીઓ અટવાયા છે. આ વર્ષે વિદ્યાર્થીઓએ જાન્યુઆરી સત્ર માટે ફી જ ભરી નથી. વિદ્યાર્થીઓએ કોલેજની ફી ભરીને જવાનું ટાળ્યું છે. આ કારણે વિદ્યાર્થીઓનું એક વર્ષ બગડે તેવી સ્થિતિ ઉભી છે. કેનેડામાં ગુજરાતી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે કેનેડા ભારતીય વિદ્યાર્થીઓમાં પ્રિય છે. ગુજરાતમાંથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ કેનેડા જાય છે. પરંતુ હાલનો વિવાદ લોકોમાં મૂંઝવણ ઉભો કરી રહ્યો છે. કેટલાક વિદ્યાર્થીઓ હાલમાં પ્રવેશ લેવાનું ટાળી રહ્યા છે અને આવતા વર્ષ સુધી રાહ જોવાનું નક્કી કર્યું છે. આ તણાવને કારણે કેટલાક વિદ્યાર્થીઓના અભ્યાસના આયોજનને અસર થઈ છે. બન્ને દેશો વચ્ચે ઉભા થયેલા ખટરાગના કારણે તો કેનેડા માટેની ઈક્વાયરી પણ ઓછી થઈ ગઈ છે. પરંતુ જેણે એડમિશન લઈ લીધા છે તેમને ગયા વગર છૂટકો નથી. આવામાં આગામી સમયની અંદર જાન્યુઆરી મહિનામાં કેનેડાની તમામ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના એડમિશન લેવાઈ ગયા છે તેઓ પણ ચિંતિત છે. કેનેડા જવા માંગતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં મોટું ટેન્શન જોવા મળી રહ્યું છે. હાલની સ્થિતિને પગલે જે વિદ્યાર્થીઓ જાન્યુઆરીના સત્રમાં એડમિશન લેવા માંગતા હોય તે વિદ્યાર્થીઓ હાલ કેનેડા જવાનું ટાળી રહ્યાં છે. આ કારણે અનેક વિદ્યાર્થીઓ ફી ભરી નથી. તો વિઝા માટેની પ્રોસેસ કરવાનું પણ ટાળ્યું છે. કેનેડાની યુનિવર્સિટી અને કોલેજોમાં સપ્ટેમ્બર, જાન્યુઆરી અને મે એમ ત્રણ ઈન્ટેક હય છે. સપ્ટેમ્બર ઈન્ટેક માટે તો વિદ્યાર્થીઓ કેનેડા પહોંચીગ યા છે, પરંતું ત્યા પહોંચ્યા બાદ જ સ્થિતિ વણસતા એડવાઈઝરી જાહેર કરાઈ છે. તો બીજી તરફ, જેમણે કેનેડાની વિવિધ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ માટે સપ્ટેમ્બર સીઝન અને શિયાળાની સીઝન માટે એડમિશન લેવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે, તેમને વધુ ટેન્શન છે. આ વિશે ફેડરેશન ઓફ એસોસિયેશન ઈન ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટીએ જણાવ્યું કે, આ સમયે પ્રવર્તતી પરિસ્થિતિ પ્રવાસનને અસર કરશે. ઘણા લોકો પહેલેથી જ બુકિંગ કરાવી ચૂક્યા છે. તો ઘણાના પાસપોર્ટ દૂતાવાસમાં પડ્યા છે. ઘણી ફ્લાઈટ પણ કેન્સલ થઈ છે. મુસાફરી કરવામાં આવશે કે નહિ તેની કોઈ સ્પષ્ટતા નથી. ખાસ કરીને જેમની પાસે પહેલેથી જ વિઝા છે તેમના માટે. ગુજરાતમાંથી દર વર્ષે ૧૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે કેનેડા જાય છે. પરંતુ તાજેતરના આંતરરાષ્ટ્રીય વિવાદે વિદ્યાર્થીઓને ચિંતામાં મૂકી દીધા છે. જેઓ સપ્ટેમ્બરમાં પ્રવેશ લેવાના હતા તેમની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. તો હવે વારો આગામી પ્રવેશનો જ આવશે.

### મુસાફર ભરેલી બસના બે ટૂકડા થયા, ૪૦ ઈજાગ્રસ્ત

। અંબાજી, તા.૨૫ ।

ગુજરાતમાં અકસ્માતના બનાવમાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં અકસ્માતના એક પછી એક બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. બનાસકાંઠામાં અંબાજી-હડાદ રોડ પર ગમખ્વાર અકસ્માત થયો છે. જેમાં મુસાફર ભરેલી બસ પલટી મારી જતા બે ટૂકડા થયા છે. બસ પલટી જતા ૪૦ જેટલા મુસાફરોને ગંભીર ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા છે. આ ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવી અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે. અત્યાર સુધી અકસ્માતમાં કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. અંબાજી હડાદ માર્ગ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જ્યાં ખાનગી બસ પલટી જતા બસના ૨ ટુકડા થયા છે. પથ્થર પર બસનું ટાયર ચડી ગયું હોવાથી અકસ્માત સર્જાયો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. ઘટનામાં ૪૦ કરતા વધુ મુસાફરોને ઈજા પહોંચી છે. આ ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે, આજે બનાસકાંઠામાં અંબાજી-હડાદ રોડ પર એક ગમખ્વાર અકસ્માત થયાના સમાચાર મળી રહ્યા છે. આ ઘટનામાં મુસાફર ભરેલી બસ પલટી મારી જતા બે ટૂકડા થયા છે. બસ પલટી જતા ૪૦ જેટલા મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચી છે, જેમાં બાળકો, મહિલા, પુરુષો સહિત વડીલોને ગંભીર ઈજા પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા છે. આ ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવી અકસ્માત અંગે તપાસ હાથ ધરી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરીથી ગુજરાતના મહેમાન બનવાના છે

## લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે રાજભવનમાં રાજકીય અને વહીવટી તંત્રની મીટિંગોનો દોર ચાલશે

। અમદાવાદ, તા.૨૫ ।

વડાપ્રધાન મોદી ફરીથી ગુજરાતના મહેમાન બનવાના છે. તેઓ ૨૬ મી રાત્રિએ ગુજરાત આગમન કરશે. તો ૨૭ સપ્ટેમ્બરના રોજ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. જોકે, હજી તેમના કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પરંતું તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન રાજયભવનમા મીટિંગોનો દોર ચાલશે તે નક્કી. લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે રાજભવનમાં રાજકીય અને વહીવટી તંત્રની મીટિંગોનો દોર ચાલશે. ત્યારે પીએમ મોદીની ૨૬ સપ્ટેમ્બરના રોજ રાત્રિ રોકોણથી સરકાર અને સંગઠનમાં ભારે ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્ય છે. ૨૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદી સાયન્સ સિટી, બોડેલી તથી વડોદરામાં અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે. તેઓ ૨૬ સપ્ટેમ્બરે સાંજે ૬.૦૦ કલાકે ગુજરાત આવી પહોંચશે. બીજા દિવસે સવારે ૧૦.૦૦ કલાકે તેમનો કાર્યક્રમ શરૂ થશે. સાયન્સ સિટી ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટના ૨૦ વર્ષની ઉજવણી નિમિત્તે સમિટ ઓફ સક્સેસનો પ્રોગ્રામ યોજાશે. જેમાં ઉદ્યોગપતિઓ અને વિવિધ દેશોના દિલ્હી-મુંબઈ ખાતેનો



એમ્બેસેડર્સ હાજરી આપશે. અહીથી તેઓ સીધા બોડેલી પહોંચશે. જ્યાં ૪૫૦ કરોડના કામોનુ લોકાર્પણ કરશે. તેના બાદ તેઓ બપોરે ૨ વાગ્યે વડોદરા પહોંચશે. જ્યાં ૩૩ ટકા મહિલા અનામતની જોગવાઈ બદલ વડાપ્રધાનનું અભિવાદન કાર્યક્રમ યોજાશે. આ બાદ તેઓ દિલ્હી જવાના રવાના થશે. વડોદરા જિલ્લાને બે જિલ્લા, ભરૂચ અને નર્મદાને ટૂંકા અંતરથી જોડતા ડભોઈ, શિનોર, માલસર, અશા રોડ પર નર્મદા નદી ઉપર રૂ. ૨૨૫ કરોડના ખર્ચથી નિર્માણ પામેલા પૂલનું આગામી તા. ૨૭ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં છોટા ઉદેપુર ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન લોકાપ ણ થશે. આ બ્રિજ બનતા વડોદરાથી નેત્રંગ ઉપરાંત ડેડિયાપાડ, મહારાષ્ટ્ર જવા માટે ૨૦ કિલોમિટરનું અંતર ઓછું થઈ ગયું છે. પૂલ બનવાથી બીજો મોટો લાભ એ થશે કે કપરા ચઢાણ, ડુંગરાળ વિસ્તારનો માર્ગ એક તરફ થઈ જશે. એક રસપ્રદ વાત એ પણ છે કે, છેક મધ્યપ્રદેશના અમરકંટકથી પ્રગટી ખંભાતની ખાડીમાં સાગરને મળતા મા નર્મદાના ૧૩૧૨ કિલોમિટરના લાંબા પ્રવાહના ઉપરથી વાહનો પસાર કરવા માટે અત્યાર સુધી કૂલ ૫૫ બ્રિજ બનાવવામાં આવ્યા છે. તેમાં આ માલસર પાસે વડોદરા માર્ગ અને મકાન વિભાગ (ગ્રામ્ય) દ્વારા નિર્માણાધિન આ પૂલ ૧૩૧૨ કિલોમિટર લાંબી આ નદી ઉપર બાંધવામાં આવેલો ૫૬મો બ્રિજ બન્યો છે.

### સર્વેશ્વર ચોકમાં થયેલી દુર્ઘટના મામલે મોટો ખુલાસો

# એક દુકાનદાર દ્વારા ટાઈલ્સ તોડવાનું મશીન ચલાવાયું હતું

। રાજકોટ, તા.૨૫ ।

રાજકોટના સર્વેશ્વર ચોકમાં સર્જાયેલી દુર્ઘટના મામલે ચોંકાવનારો ખુલાસો થયો છે. જે જગ્યાએ ગતરોજ દુર્ઘટના સર્જાઈ હતી, તે જગ્યાએ શનિવારે એક દુકાનદાર દ્વારા ટાઈલ્સ તોડવાનું મશીન ચલાવાયું હતું. ટાઈલ્સ તોડવાનું મશીન ચલાવતા સ્લેબ નબળો પડ્યો હોવાનો ખુલાસો થયો છે. હાલ આ ઘટનાને લઈને તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

ગણેશ પંડાલ પાસે આવેલા ફૂડ બજારમાં લોકો નાસ્તો કરવા એકત્ર થયા હતા. આ દરમિયાન વોકળા પર વજન વધવાના લીધે નાળાનો સ્લેબ તૂટી પડ્યો હતો. ત્યારે હવે આ દુર્ઘટના પાછળનું કારણ સામે આવ્યું છે, એવું કહેવાઈ રહ્યું છે કે અહીં શનિવારે એક દુકાનદાર દ્વારા ટાઈલ્સ તોડવાનું મશીન ચલાવાયું હતું. મશીન ચલાવતા સ્લેબ નબળો પડી જતાં ધરાશાયી થયો હતો.

રાજકોટના સર્વેશ્વર ચોકમાં આવેલા ફૂડ બજારમાં ગઈકાલે એક મોટી દુર્ઘટના ઘટી હતી. ફૂડ બજારમાં આવેલા વોકળા ઉપરનો સ્લેબ અચાનક ધરાશાયી થયો હતો. અચાનક સ્લેબ તૂટવાથી લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી, તો કેટલાક લોકો સ્લેબ તૂટવાથી નીચે ખાબક્યા હતા. આ દુર્ઘટનાની જાણ થતા જ પોલીસ અને ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે સ્થાનિક લોકોની સાથે બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘટનાને પગલે સ્થાનિક નેતાઓ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સાસંદ રામ મોકરિયા, ધારાસભ્ય દર્શિતા શાહ, ધારાસભ્ય ઉદય કાનગડ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. દુર્ઘટનાને પગલે સીએમ ભૂપેન્દ્ર પટેલે પણ શહેર ભાજપના અગ્રણીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરીને સમગ્ર ઘટનાનો તાગ મેળવ્યો હતો. સમગ્ર દુર્ઘટનામાં એક ભાવનાબેન ઠક્કર નામની મહિલાનું મોત થયું હતું, જ્યારે ૧૦થી વધુ લોકો ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા.

### ગૂંગળાઈ જવાના કારણે નવ વર્ષની દીકરીનું મોત

# વાપી: બીમારી દૂર કરવા ઘરમાં મરચાંની ધૂણી કરી

। વાપી, તા.૨૫ ।

ઔદ્યોગિક નગરી વાપીના છેવાડે આવેલા શૂલપડ વિસ્તારમાં એક પરિવારના ઘરમાં ગૂંગળાઈ જવાના મામલે ચોંકાવનારો ખુલાસો થયો છે. હકીકતમાં પરિવારમાં બીમારી દૂર કરવા અંધશ્રદ્ધાનો સહારો લઈ મરચા સહિત અન્ય મસાલાનો ધુમાડો કરી ટોટકુ કર્યું હતું. આ અંધશ્રદ્ધામાં પરિવારની એક બાળકીનો ભોગ લેવાયો હતો. જ્યારે પરિવારના અન્ય ચાર સભ્યો સારવાર માટે હોસ્પિટલમાં દાખલ છે આવ્યા હતા. બનાવની વિગત મુજબ વાપીના સુલપડ વિસ્તારમાં રહેતા મૂળ બિહારમાં પતિ, પત્ની અને નવ વર્ષની દીકરી સહિત બે શાળાઓ એક નાની રૂમમાં રહેતા હતા. આ પતિ પત્ની છેલ્લા કેટલાક દિવસથી બીમાર રહેતા હતા. આથી બીમારી દૂર કરવા તેઓએ અંધશ્રદ્ધાનો સહારો લીધો હતો.

આખો પરિવાર એક નાના ઘરમાં રહે છે. જ્યાં હવા ઉજાસની કોઈ સુવિધા ન હતી. આ નાના ઘરમાં મરચાં અને અન્ય મસાલાનો ધુમાડો કર્યો હતો. ત્યારબાદ ઘરનું બારણું બંધ કરી દીધું હતું. આમ ઘરમાં અન્ય કોઈ હવાઉ જાસની સુવિધા નહી હોવાથી આખો પરિવાર બેહોશ થઈ ગયો હતો. વાપીમાં જ રહેતા તેમના એક સ્વજને પરિવારનો સંપર્ક કરવા પ્રયાસ કરતા તેઓનો સંપર્ક થઈ શક્યો ન હતો.

આથી તે સ્વજને પરિવારના પડોશીને જાણ કરી હતી. આથી પડોશીએ ઘરમાં જોતા આખો પરિવાર બેહોશ જણાયો હતો. આથી તાત્કાલિક તેમને સારવાર માટે વાપીની હરિયા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ દરમિયાન પરિવારની ૯ વર્ષીય બાળકીનું કરુણ મોત નિપજ્યું હતું. જ્યારે પરિવારના ચાર સભ્યોને ગંભીર હાલતમાં વાપીની હરિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## દિલ્હીમાં ૫-૬ ઓક્ટોબરે દેશની તમામ સુરક્ષા એજન્સીની બેઠક

। નવી દિલ્હી, તા.૨૫ ।

ખાલિસ્તાનની આંતકવાદી નિજ્જરની હત્યા બાદ ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો વણસ્યા છે. આ દરમિયાન હાલમાં જ એનઆઈએદ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં ૧૯ ખાલિસ્તાની આંતકવાદીની યાદી જાહેર કરી ઉપરાંત ખાલિસ્તાનની આંતકવાદી પન્નુની પંજાબ અને ચંડીગઢ સ્થિત મિલકતો જપ્ત કરવામાં આવી હતી. હવે સરકાર વધુ એક કડક એક્શન લેવાના મુડમાં જોવા મળી રહી છે. પંજાબમાંખાલિસ્તાનીઆતંકવાદીઓને અંકુશમાં લેવા માટે દેશની તમામ સુરક્ષા એજન્સીઓ એક થઈ ગઈ છે. આ અંતર્ગત એનઆઈએએ ખાલિસ્તાની ગતિવિધિઓ, આતંકવાદી ગતિવિધિઓ, ટેરર ફંડિંગ અને ગેંગસ્ટરોને નષ્ટ કરવા માટે દિલ્હીમાં આગામી ૫-૬ ઓક્ટોબરે એક મોટી બેઠક બોલાવી છે. એનઆઈએએ ચીફ, આઈબીચીફ, રોચીફ અને રાજ્યોના એટીએસના પ્રમુખો આ ખૂબ જ મહત્વપૂર્ણ બેઠકમાં ભાગ લેશે. આ બેઠકનો મુખ્ય એજન્ડા ખાલિસ્તાની આતંકવાદની કમર તોડવાનો છે.

## ડીસીઝ એક્સ કોરોના કરતા પણ ઘાતક, ૫ કરોડનાં મોત થઈ શકે

। નવી દિલ્હી, તા.૨૫ ।

વિશ્વ હજુ તો કોરોનાની ઝપેટમાંથી બહાર નીકળ્યું જ છે કે વધુ એક નવી બિમારીએ દસ્તક આપી છે. આ બિમારી ખૂબ ખતરનાક છે અને એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આશરે ૫ કરોડ લોકોના તેનાથી મોત થઇ શકે છે. તેની સાથે જ એવું પણ માનવામાં આવે છે કે આ બીમારી કોરોના કરતા પણ ઘાતક સાબિત થઇ શકે છે. ડબલ્યુએચઓદ્વારા આ નવી મહામારીનું નામ 'ડિસીઝ એક્સ' રાખવામાં આવ્યું છે. એક અહેવાલ મુજબ, નિષ્ણાતોના માનવા પ્રમાણે કોવિડ -૧૯ (કોવિડ-૧૯) તો માત્ર એક શરૂઆત હોઈ શકે છે. આ બીમારીને તેના કરતા પણ ખૂબ ખતરનાક માનવામાં આવી રહી છે. બ્રિટનની વેક્સિન ટાસ્ક ફોર્સના ચીફ ડેમ કેટ બિંઘમે ચેતવણી જારી કરી છે કે આગામી મહામારી ઓછામાં ઓછા ૫ કરોડ લોકોના જીવ લઈ શકે છે.

## ઈન્ડિયા ગઠબંધનમાં કેટલાક સનાતન ધર્મ વિરોધી, જનતા પાઠ ભણાવશે

। નવી દિલ્હી, તા.૨૫ ।

ઓલ ઈન્ડિયા હિન્દુ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ સ્વામિ ચક્રપાણિ મહારાજે લોકસભા ચૂંટણી પહેલા બનેલા મહાગઠબંધન ઈન્ડિયાપર પ્રહાર કરતા કહ્યું કે, આ ગઠબંધનમાં કેટલાક લોકો સનાતન ધર્મના વિરોધી છે અને જનતા તેમને પાઠ ભણાવશે. આ ઉપરાંત બીજેપી સાંસદ રમેશ બિધૂડી મામલે તેમણે કહ્યું કે, એ જોવાનું રહેશે કે, તેઓ કઈ પરિસ્થિતિમાં આવું બોલ્યા. ચક્રપાણિ મહારાજે કહ્યું કે, રમેશ બિધૂડીએ કઈ પરિસ્થિતિઓમાં આવીને આ પ્રકારની વાત કરી છે તે જોવું પડશે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને બીએસપી સાંસદ દાનિશ અલીની મુલાકાત પર તેમણે કહ્યું કે, તેઓ દાનિશ અલી સાથે મુલાકાત કરવા જાય છે જે હિન્દુ સનાતનનો વિરોધ કરે છે. કોંગ્રેસ તેની સાથે છે.

## પૂરપાટ જતી કાર ઝાડ સાથે ટકરાતાં પાંચ લોકોનાં મોત

। ઉમરિયા, તા.૨૫ ।

મધ્યપ્રદેશના ઉમરિયામાં એક મોટી અકસ્માતની ઘટના બની છે જેમાં એક પુરપાટ ઝડપે આવી રહેલી કાર ઝાડ સાથે અથડાઈ હતી. આ અકસ્માતની ઘટનામાં પાંચ લોકોના મોત થયા હતા. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામ થયો હતો. પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી કરી હતી. મધ્યપ્રદેશમાં ફરી એકવાર ઝડપનો કહેર જોવા મળ્યો હતો. શહડોલની સરહદે આવેલા ઉમરિયા જિલ્લાના પાલી રોડ પર ગત મોડી રાત્રે એક કાર ઝાડ સાથે અથડાઈ હતી, આ અકસ્માતમાં ૫ લોકોના મોત થયા હતા.



### મોદીએ મધ્ય પ્રદેશમાં કાર્યકર્તા મહાકુંભને સંબોધન કર્યું

## કોંગ્રેસ મધ્યપ્રદેશમાં સત્તા પર હતી ત્યારે તે બિમાર રાજ્ય હતું

। ભોપાલ, તા.૨૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશમાં કાર્યકર્તા મહાકુંભને સંબોધિત કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ વરસાદમાં રાખેલા લોખંડ જેવી છે, વરસાદમાં રાખવામાં આવે તો તે નાશ પામે છે. તેમણે કહ્યું હતું કે, જ્યારે કોંગ્રેસ મધ્યપ્રદેશમાં સત્તા પર હતી ત્યારે તે બિમાર રાજ્ય હતું. કોંગ્રેસના શાસનની ઓળખ હતી - રાજનીતિ, કુશાસન અને કરોડોનો ભ્રષ્ટાચાર... અગાઉ, ભારતીય જનતા પાર્ટીના મહિલા નેતાઓએ મહિલા અનામત બિલ પસાર થવાની ઉજવણીમાં ભોપાલમાં પાર્ટી કાર્યકર્તાઓની બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને માળા પહેરાવી હતી અને તેમનું સન્માન કર્યું હતું. મધ્યપ્રદેશમાં 'વર્કર્સ મહાકુંભ'માં મોટી સંખ્યામાં એકત્ર થયેલા કાર્યકરોને જોઈને પીએમ મોદીએ કહ્યું, "આ ભીડ, આ ઉત્સાહ, આ કાર્યકર મહાકુંભ, આ મહાન સંકલ્પ... ઘણું બધું કહી જાય છે. મધ્યપ્રદેશ આ બતાવે છે કે ભાજપના મનમાં શું છે, જે નવી ઉર્જાથી ભરેલી છે, આ બતાવે છે ભાજપ અને ભાજપના દરેક કાર્યકર્તાનું મનોબળ ઊંચું છે. મધ્યપ્રદેશને દેશનું હૃદય કહેવામાં આવે છે. આ હૃદયનું કંઈક જોડાણ છે. દેશ ભાજપ સાથે છે. તે હંમેશા અલગ રહ્યો છે. જનસંઘના સમયથી આજ સુધી મધ્યપ્રદેશની જનતાએ હંમેશા ભાજપને આશીર્વાદ આપ્યા છે.

### ઓવૈસીએ પોતાના સંસદીય ક્ષેત્ર હૈદરાબાદમાં એક જનસભાને સંબોધન કરવા દરમિયાન કોંગ્રેસ નેતાએ પડકાર્યા

# રાહુલ ગાંધી વાયનાડ નહીં હૈદ્રાબાદથી ચૂંટણી લડી બતાવે

। હૈદ્રાબાદ, તા.૨૫ ।

એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસી તેમના નિવેદનોને કારણે હંમેશા ચર્ચામાં રહે છે ત્યારે હવે તેણે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સામે પડકાર ફેક્યો છે જેમાં તેમણે રાહુલ ગાંધીને વાયનાડથી નહીં પરંતુ હૈદરાબાદથી ચૂંટણી લડવા કહ્યું છે.



ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (એઆઈએમઆઈએમ)ના વડા અસદુદ્દીન ઓવૈસીએ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને આગામી લોકસભાની ચૂંટણી વાયનાડથી નહીં પરંતુ હેદરાબાદથી લડવાનો પડકાર ફેંક્યો છે. ઉલ્લેખનીય છે કે ઓવૈસી હૈદરાબાદના સાંસદ છે. સુત્રોમાંથી મળતા સમાચાર અનુસાર ગઈકાલે એઆઈએમઆઈએમસાંસદ પોતાના સંસદીય ક્ષેત્ર હૈદરાબાદમાં એક જનસભાને સંબોધિત કરી રહ્યા હતા તે દરમિયાન તેમણે કહ્યું હતું કે રાહુલ ગાંધીને વાયનાડથી નહીં પરંતુ હૈદરાબાદથી ચૂંટણી લડવાનો પડકાર ફેંકું છું. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે કોંગ્રેસના લોકો ઘણું કહેશે. ગમે તે થાય, હું તૈયાર છું. કોંગ્રેસના શાસનમાં બાબરી મસ્જિદ અને સચિવાલય મસ્જિદ તોડી પાડવામાં આવી હતી.

હાલમાં જ સંસદમાં મહિલા અનામત બિલ પસાર કરવામાં આવ્યું છે, જેમાં એઆઈએમઆઈએમસિવાય તમામ વિરોધ પક્ષોએ બિલની સમર્થનમાં મતદાન કર્યું હતું. આના પર ઓવૈસીએ નામ લઈને કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને આરજેડીને પર આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે તમે સંસદમાં મુસ્લિમનું નામ પણ ન લીધું. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને લાલુ યાદવની પાર્ટી આરજેડીસંસદમાં મુસ્લિમનું નામ લેવામાં ડરે છે. મેં સંસદમાં ઉભા થઈને કહ્યું હતું કે મુસ્લિમ મહિલાઓ અને ઓબીસીને આરક્ષણ મળવું જોઈએ.

### ભાજપે ત્રણ રાજ્યોના નવા અધ્યક્ષોની નિમણૂક કરી

## રિકમેનને મેઘાલય, યેપથોમીને નાગાલેન્ડ અને સેલ્વગનબથીને પુડુચેરીની જવાબદારી

### અગાઉ મેઘાલયમાં બીજેપી અધ્યક્ષ પદની કમાન અર્નેસ્ટ માવરી, નાગાલેન્ડમાં તેમજેન ઈમના અલોન્ગ સંભાળતા હતા

। નવી દિલ્હી, તા.૨૫ ।

બીજેપીએ આજે ૩ રાજ્યોના નવા અધ્યક્ષોની નિમણૂક કરી છે. રિકમેન મોમિનને મેઘાલય બીજેપીના પ્રદેશ પ્રમુખ અને બેન્જામિન યેપથોમીની નાગાલેન્ડના પ્રદેશ પ્રમુથ તરીકે નિમણૂક કરી છે. જ્યારે એસ સેલ્વગનબથીને પુડુચેરીના પ્રદેશ પ્રમુખ બનાવાયા છે. આ અગાઉ મેઘાલયમાં બીજેપી અધ્યક્ષ પદની કમાન અર્નેસ્ટ માવરી, નાગાલેન્ડમાં તેમજેન ઈમના અલોન્ગ અને પુડુચેરીમાં વી સામિનાથન સંભાળી રહ્યા હતા. મેઘાલય અને નાગાલેન્ડમાં આ વર્ષે ૨૭ ફેબ્રુઆરીના રોજ વિધાનસભાની ચૂંટણી થઈ હતી અને ૨ માર્ચના રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતું. મેઘાલયમાં ત્રિશંકુ વિધાનસભા રહી હતી. રાજ્યની ૫૯ બેઠકો પર થયેલા મતદાનમાં ૨૬ સીટો એનપીપીને મળી હતી. બીજેપીને ૩ અને કોંગ્રેસને ૫ સીટ મળી હતી. અન્યના ખાતામાં ૨૫ સીટ ગઈ હતી. રાજ્યમાં એનપીપી અને બીજેપી ગઠબંધનની સરકાર છે.બીજી તરફ નાગાલેન્ડમાં પણ ભાજપ ગઠબંધન સરકારનો હિસ્સો છે.

### કોંગ્રેસ પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું

## રાજસ્થાનની જનતાએ કોંગ્રેસના કુશાસનમાંથી મુક્તિ મેળવવાનું નક્કી કરી લીધું છે : મોદી

### પીએમ મોદીએ કહ્યું કે ગેહલોત સરકારે યુવાનોના પાંચ વર્ષ બરબાદ કરી દીધા છે : રાજસ્થાનમાં ફેરફાર થશે

। જયપુર, તા.૨૫ ।

રાજસ્થાનમાં આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે ભાજપે કમર કસી લીધી છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયપુર પહોંચ્યા અને પાર્ટીની પરિવર્તન સંકલ્પ મહાસભામાં ભાગ લીધો. આ દરમિયાન કાર્યકરો દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વરિષ્ઠ નેતા રાજેન્દ્ર રાઠોડ અને વસુંધરા રાજે સહિત અનેક નેતાઓ હાજર રહ્યા હતા. કોંગ્રેસ પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે રાજસ્થાનની જનતાએ કોંગ્રેસના કુશાસનમાંથી મુક્તિ મેળવવાનું નક્કી કરી લીધું છે. કોંગ્રેસે જે રીતે પાંચ વર્ષ સરકાર ચલાવી છે, તે ઝીરો નંબર મેળવવાને લાયક છે. પીએમ મોદીએ કહ્યું કે ગેહલોત સરકારે યુવાનોના પાંચ વર્ષ બરબાદ કરી દીધા છે. રાજસ્થાનમાં ફેરફાર થશે. રાજસ્થાનના હવામાનમાં પલટો આવ્યો હોવાના સ્પષ્ટ સંકેત છે. પીએમ મોદીએ કહ્યું કે, ગરીબોને આત્મસન્માન હોય છે. ગરીબો જાણે છે કે કેવી રીતે મહેનત કરવી. હું જે ઘરમાંથી આવ્યો છું, મારી પાસે માત્ર સખત મહેનત છે. હું સેવામાં વ્યસ્ત છું. હું જે કહું તે કરું છું. મહિલા આરક્ષણનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે માતાઓ અને બહેનોની આશા માટે તમારા વોટની શક્તિથી તેમને ૩૩ ટકા અનામત મળી છે. પીએમ મોદીએ દાવો કર્યો કે, કોંગ્રેસનો ક્યારેય મહિલા સશક્તિકરણનો ઈરાદો નહોતો. કોંગ્રેસ આ કામ ત્રીસ વર્ષ પહેલા કરી શકી હોત. સત્ય એ છે કે કોંગ્રેસ ક્યારેય ઈચ્છતી નથી કે મહિલાઓને ૩૩ ટકા અનામત મળે.

## કેરળમાં પીએફઆઈના વાયનાડ સહિત ૧૨ સ્થળોએ ઈડીના દરોડા

। નવી દિલ્હી, તા.૨૫ ।

કેરળમાં આજે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા(પીએફઆઈ) સામે મોટી કાર્યવાહી કરતા વાયનાડ સહિત રાજ્યના ૧૨ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. ઈડીએ ફરી એકવાર પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા(પીએફઆઈ) પર કડક કાર્યવાહી હાથ ધરી છે, જેમાં તપાસ એજન્સીએ કેરળમાં પીએફઆઈના પૂર્વ કાર્યકરોના ઘર પર દરોડા પાડવામાં આવ્યા છે. આજે ઈડીએ ત્રિશૂર, એર્નાકુલમ, મલપ્પુરમ અને વાયનાડ સહિત ચાર જિલ્લામાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. હાલ દરોડાની કાર્યવાહી ચાલી રહી છે.

### ભારત પર આરોપ લગાવનારા ટ્રુડો લોકોના રોષનો ભોગ બન્યા

## ટ્રુડોએ નાઝી વિચારધારામાં માનનારી વ્યક્તિનું સન્માન કરતા ભારે વિવાદ

। ઓટ્ટાવા, તા.૨૫ ।

ભારત પર આરોપ લગાવનાર કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો લોકોના રોષનો સામનો કરી રહ્યા છે... ખાસ કરીને વિપક્ષી નેતા પિએરે પોલિવરે જસ્ટિન ટ્રૂડોને સતત ઘેરવાના પ્રયાસો કરી રહ્યા છે... ત્યારે જસ્ટિન ટ્રૂડોની વધુ એક બાબત સામે આવ્યા બાદ વિપક્ષોને તેમને સાણસામાં લેવાની વધુ એક તક મળી ગઈ છે... પીએમ જસ્ટિન ટ્રૂડોએ કેનેડાની સંસદમાં જર્મનીના તાનાશાહ હિટલર સેનાના, નાજી વિચારધારામાં માનનારા વ્યક્તિને સન્માનિત કરતા વિવાદનો મધપુડો છેડાયો છે.... જસ્ટિન ટ્રૂડોની આ કામગીરી બાદ કેનેડાનું રાજકારણ ફરી ગરમાયું છે. જ્યારે જસ્ટિન ટ્રૂડોએ તે વ્યક્તિનું સન્માન કર્યું ત્યારે કેનેડાની આખી સંસદે ઉભા થઈને નાજી વ્યક્તિનું અભિવાદન પણ કર્યું... આ મામલો સામે આવ્યા બાદ ટ્રૂડોને ભારે ટીકા થઈ રહી છે. કેનેડાના વિપક્ષી નેતા પિએરે પોલિવરે સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'અમને જાણવા મળ્યું છે કે, જસ્ટિન ટ્રૂડોએ એક નાજી ડિવિજન ૧૪માં વેફેન ગ્રેનેડિયરના એક અનુભવી સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરી અને તેને સન્માનિત પણ કર્યો... પિએરે લખ્યું કે, લિબરલ્સે યૂક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે મુલાકાત કર્યા બાદ આ નાજી વ્યક્તિને હાઉસ ઓફ કોમન્સમાં માન્યતા આપવાની વ્યવસ્થા કરી..

### મહારાષ્ટ્રના ઉદ્ધવ જૂથના નેતાઓની મુશ્કેલી વધી શકે છે

## સંજય રાઉત અને અંબાદાસ દાનવે સામે વિશેષાધિકાર ભંગ બદલ કાર્યવાહીની માગ

। મુંબઈ, તા.૨૫ ।


મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે જૂથના શિવસેના નેતા સંજય રાઉત અને અંબાદાસ દાનવેની મુશ્કેલી વધે તેવી શક્યતા છે. વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર વિરૂદ્ધ આપવામાં આવેલા તેમના નિવેદન બદલ બંને વિરુદ્ધ વિશેષાધિકાર ભંગ બદલ કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. બીજેપી એમએલએનિતેશ રાણેએ વિધાનસભા સેક્રેટરીને પત્ર લખ્યો છે. તેમણે કહ્યું કે, સંજય રાઉત અને અંબાસ વિધાનસભા અધ્યક્ષ પર દબાણ બનાવવા માટે સતત નિવેદનો આપી રહ્યા છે. તેમના નિવેદન રાજકારણથી પ્રેરિત છે. આવી સ્થિતિમાં જ્યારે રાજ્યમાં ધારાસભ્યોની અયોગ્યતા ચાલી રહેલી સુનાવણી પેન્ડિંગ છે ત્યારે તેમના નિવેદન કાર્યવાહીને પ્રભાવિત કરવાનો પ્રયાસ છે. મહારાષ્ટ્રમાં બીજેપી અને એકનાથ શિંદેના નેતૃત્વમાં ચાલી રહેલી સરકાર અંગે સંજય રાઉતે કહ્યું કે, બંધારણ, કાયદો અને ધારાસભ્ભાને અપ્રમાણિક રીતે વિલંબિત કરવામાં આવી રહી છે. બંધારણીય પદ પર બેસીને ગેરકાયદેસર રીતે રચાયેલી સરકાર ચલાવી રહ્યા છે.

# સેન્સેક્સમાં ૧૫ અને નિફ્ટીમાં ૦.30 પોઈન્ટનો વધારો જોવા મળ્યો

### બજાજ ફાઇનાન્સ, બજાજ ફિનસર્વ, એપોલો હોસ્પિટલ્સ, કોટક મહિન્દ્રા બેંક નિફ્ટી પર ટોચના ગેનર્સમાં સામેલ

। મુંબઈ, તા.૨૫ ।

શેર માર્કેટમાં સતત પાંચમા દિવસે દબાણ જોવા મળ્યુ છે. બીએસઈ સેન્સેક્સ અને એનએસઈ નિફ્ટી બન્ને આ જે દિવસભરના કારોબાર દરમિયાન મિક્સ પ્રતિસાદ સાથે રહ્યાં છે, બંને મુખ્ય સ્થાનિક સૂચકાંકોએ સોમવારે નુકસાન સાથે ટ્રેડિંગ શરૂ કર્યું હતુ અને મિક્સ રિસ્પૉન્સ સાથે માર્કેટ ક્લૉઝ થયુ હતુ. માર્કેટમાં બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ દિવસના કારોબારના અંતે સામાન્ય વધારા સાથે બંધ થયો હતો, ૦.૦૨ ટકાના વધારા સાથે ૧૪.૫૪ પૉઈન્ટ અપ રહ્યો અને ૬૬.૦૨૩.૬૯ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે દિવસના અંતે નિફ્ટીમાં પણ કારોબાર નેગેટિવ રહ્યો, એનએસઈ ઈન્ડેક્સ નિફ્ટી ૦ ટકાના વધારા સાથે ૦.૩૦ પૉઈન્ટ વધ્યો અને અંતે ૧૯,૬૭૪.૫૫ના સ્તરે બંધ રહ્યો હતો. આમ સપ્તાહના પ્રથમ દિવસે બન્ને મૂખ્ય ઈન્ડેક્સમાં નજીવો સુધારો જોવા મળ્યો હતો. કારોબારી દિવસના પહેલા જ દિવસે માર્કેટમાં સપાટ ચાલ જોવા મળી, સેન્સેક્સ અને નિફ્ટી બન્નેમાં મિક્સ રિસ્પૉન્સ રહ્યો, તો વળી, આઈટી અને કેપિટલ ગુડ્સમાં ઘટાડો જોવા મળ્યો હતો, આ સાથે જ બજાજ ફાઈનાન્સ ટૉપ ગેનર



રહ્યું હતુ. જો આપણે સેક્ટૉરિયલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો, બેંક્રો અને રિયલ્ટી ૦.૫ ટકા વધીને ટ્રેડ કરી રહ્યાં છે. બજાજ ફાઈનાન્સ, બજાજ ફિનસર્વ, એપોલો હોસ્પિટલ્સ, કોટક મહિન્દ્રા બેંક અને ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ નિફ્ટી પર ટોચના ગેનર્સમાં સામેલ છે. જ્યારે એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ, ઈન્ફોસીસ, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, એલએન્ડટી અને હિરોમોટોકોપ ટોપ લુઝર્સમાં સામેલ છે.

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજારમાં મિક્સ ટ્રેન્ડ જોવા મળ્યું હતું. દિવસભર બજારમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. કારોબારના અંતે ભારતીય શેરબજાર મામૂલી ઉછાળા સાથે બંધ થયું હતું. પરંતુ આજના કારોબારમાં બેંકિંગ અને મિડ કેપ શેરોમાં જોરદાર ખરીદારી જોવા મળી રહી છે. ફાઈનાન્શિયલ સેક્ટરના શેરો પણ પ્રભાવશાળી ઉછાળા સાથે બંધ થયા છે. આજના કારોબારના અંતે બીએસઈ સેન્સેક્સ ૧૪.૫૪ પોઈન્ટના ઉછાળા સાથે ૬૬૦૨૩ પોઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી નજીવા વધારા સાથે ૧૯,૬૭૪ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. આજના કારોબારમાં બેંકિંગ શેરોમાં ખરીદીના કારણે નિફ્ટી બેંક ૧૫૪ પોઈન્ટના ઉછાળા સાથે ૪૪,૭૬૬ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ફાયનાન્શિયલ સર્વિસ ઈન્ડેક્સ ૧૧૦ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૮૪૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.

## તંત્રી લેખ...

# ચીનની નફ્ફટાઈ

ચીન પોતાની હલકી રમત છોડતું નથી. તે રહી રહીને ભારતને પરેશાન કરવા માટે કોઈને કોઈ કરતૂત કરતું રહે છે. પહેલા કેટલાક ખેલાડીઓને સ્પેશ્યલ વિઝા જારી કર્યા બાદ હવે તેણે અરુણાચલ પ્રદેશના ત્રણ વુશૂ ખેલાડીઓને ૧૯મી એશિયન ગેમ્સમાં ભાગ લેવા માટે દેશમાં એન્ટ્રી પર રોક લગાવી દીધી છે. ત્રણેય ખેલાડીઓના નામ ન્યેમાન વાંગ્સૂ, ઓનિલુ તેગા અને મેપુંગ લામ્ગુ છે. એશિયન ગેમ્સ ૨૦૨૩ની ઈવન્ટ કમિટીએ તેમને રમતમાં ભાગ લેવાની મજૂરી આપી દીધી હતી. બે એથ્લીટ પોતાના એક્રેડેશન કાર્ડ ડાઉનલોડ ન કરી શક્યા, જે ચીનમાં એન્ટ્રી માટે વિઝા રૂપે કામ કરતા. ત્રીજા એથ્લીટને એક્રેડેશન કાર્ડ મળી ગયું હતું. બાદમાં ચીન દ્વારા જણાવાયું કે તેને હોંગકોંગથી આગળ યાત્રા કરવાની અનુમતિ નથી. એશિયન ગેમ્સમાં વુશૂ ઈવન્ટ ૨૪ સપ્ટેમ્બરથી શરૂ થાય છે. ત્રણેય ખેલાડીઓએ ૨૪ સપ્ટેમ્બર સુધી હાંગઝોઉમાં રહેવાનું હતું, પરંતુ વિઝામાં વિલંબ થવાને કારણે તેમણે એશિયન ગેમ્સથી બહાર થવું પડ્યું. વુશૂ ટીમના બાકી પ્લેયર ચીન માટે રવાના થઈ ગયા છે. ભારતે ચીનના આ પગલાનો વિરોધ કર્યો. વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારતીય નાગરિકો પ્રત્યે ચીનના ભેદભાવપૂર્ણની અમે ટીકા કરીએ છીએ. ચીનની કાર્યવાહી એશિયન ગેમ્સની ભાવના, ઈવન્ટના નિયમોનું ઉલ્લંઘન છે. આ તરફ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે એશિયન ગેમ્સમાં સામેલ થવા માટે પોતાનો ચીન પ્રવાસ રદ્દ કરી દીધો છે. આ પહેલી વાર નથી કે ચીને આવી હરકત કરી હોય, તે વારે-તહેવારે આવું કરે છે. તેનો હરસંભવ પ્રયાસ હોય છે કે કોઈક રીતે ભારતને ટેન્શનમાં રાખવું. આ પહેલાં તેણે એપ્રિલ ૨૦૨૩માં પોતાના નક્શામાં અરુણાચલ પ્રદેશની ૧૧ જગ્યાઓનાં નામ બદલી નાખ્યાં હતાં. એવું છેલ્લા પાંચ વર્ષમાં ત્રીજી વખત કર્યું છે. આ પહેલાં ૨૦૨૧માં ચીને ૧૫ જગ્યાઓ અને ૨૦૧૭માં ૬ જગ્યાઓનાં નામ બદલી નાખ્યાં હતાં. ભારતમાં આયોજિત જી-૨૦ બાદ તો તે વધુ ગિન્નાયું છે. આ સંમેલનમાં ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર બનાવવાની જાહેરાત કરવામાં આવી. ભારત, યુએઈ, સઉદી અરબ, અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઈટલી અને યુરોપિયન યુનિયન સહિત કુલ ૮ દેશોના આ પ્રોજેક્ટનો ફાયદો ઈઝરાયલ અને જોર્ડનને પણ મળશે. મુંબઈથી શરૂ થનાર આ નવો કોરિડોર ૬ હજાર કિમી લાંબો હશે. તેમાં ૩૫૦૦ કિમી સમુદ્રી માર્ગ સામેલ છે. કોરિડોર બન્યા બાદ ભારતથી યુરોપ સુધી સામાન પહોંચાડવામાં લગભગ ૪૦ ટકા સમયની બચત થશે. હાલમાં ભારતથી કોઈ કાર્ગો જર્મની પહોંચવામાં ૩૬ દિવસ લાગે છે, આ રૂટથી ૧૪ દિવસની બચત થશે. યુરોપ સુધી સીધી પહોંચથી ભારત માટે આયાત-નિકાસ આસાન અને સસ્તી હશે. ચીનને લાગી રહ્યું છેકે જો આ કોરિડોર બની ગયો તો તેની અર્થવ્યવસ્થા પર ભારે પ્રહાર થશે અને ભારતના ઉત્પાદનોની સીધી પહોંચ દુનિયા સુધી થઈ જશે. અસલમાં ચીનની અર્થવ્યવસ્થા તેના સસ્તા ઉત્પાદનો પર ટકેલી છે, જેનાથી તેણે દુનિયાભરનાં બજારો ભરી દીધાં છે.

## કેનેડાને સખત સંદેશો આપવો જરૂરી

કેનેડાની સંસદમાં વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના એક વાહિયાત નિવેદને ભારત-કેનેડા સંબંધોની દશા-દિશા બદલી નાખી. ટ્રુડોએ કહ્યું કે એવા આરોપ છે કે કેનેડાઈ નાગરિક હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોનો હાથ હોઈ શકે છે. કેનેડાએ ભારતના એક રાજદ્વારીને દેશ છોડવાના આદેશ પણ આપી દીધા. ત્યારબાદ ભારતે પણ આક્રમક કૂટનીતિક કાર્યવાહી કરી. તેણે કેનેડાના રાજદ્વારીને દેશ છોડવાની સાથે જ કેનેડિયન લોકો માટે વિઝા સ્થગિત કરવાનો કડક નિર્ણય લીધો. જે નિજ્જર માટે આટલો બખેડો થયો, તે ખાલિસ્તાન ટાઈગર ફોર્સનો વડો આતંકી હતો, જેની કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતમાં હત્યા કરી દેવામાં આવી હતી. માનવામાં આવે છે કે તે ખાલિસ્તાની જૂથોની પરસ્પર લડાઈમાં માર્યો ગયો. નિજ્જર કેટલાય વર્ષ પહેલાં ભારતથી ભાગી ગયો હતો. તે ગેરકાયદે રીતે કેનેડા પહોંચી ગયો અને કોઈક રીતે કેનેડાની નાગરિકતા પણ મેળવી લીધી. ભારતે નિજ્જરને ૨૦૨૦માં આતંકી જાહેર કર્યો હતો. તેને પંજાબમાં કેટલીય હિંસક ઘટનાઓ માટે જવાબદાર માનવામાં આવ્યો. તેની વિગતો પણ કેનેડાને આપવામાં આવી હતી, પરંતુ તેણે કોઈ પગલું ન ભર્યું. તેને કારણે નિજ્જર પોતાનો નાપાક એજન્ડા ચલાવતો રહ્યો. ખાલિસ્તાન સાથે જોડાયેલી ભારત વિરોધી ગતિવિધિઓ પર કેનેડાએ છેલ્લા ચાર દાયકાઓથી કોઈ નોંધ જ નથી લીધી. ત્યાં ખાલિસ્તાન સમર્થક ખુલ્લેઆમ ભારતને ખંડિત કરવાના પડકાર ફેંકે છે. તેઓ હિંસામાં પણ સંડોવાયેલા રહે છે અને મંદિરોને પણ નિશાનો બનાવે છે. તેઓ ભારતીય રાજદ્વારીઓને ખુલ્લેઆમ ધમકાવી ચૂક્યા છે. લોકો જીવને જોખમી ખતરાના નિકાલને બદલે કેનેડા તેને અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામ પર સ્વીકાર કરતું રહ્યું. ખાલિસ્તાન સમર્થકો પર કાર્યવાહી નહીં કરીને કેનેડા ઉપરથી નિજ્જર હત્યાકાંડ તપાસમાં ભારતનો સહયોગ માંગી રહ્યું છે. ખાલિસ્તાન સમર્થકોને સંરક્ષણ આપનારું કેનેડાનું વલણ નવું નથી. તેને આ જ વલણને કારણે ખાલિસ્તાની આતંકીઓએ ૧૯૮૫માં એર ઈન્ડિયાના કનિષ્ક વિમાનને બોમ્બ વિસ્ફોટથી ઉડાવી દીધું હતું. આ ઘટનામાં ૩૨૯ લોકોના જીવ ગયા હતા. આ કેસની તપાસ અને દોષીતો પર કાનૂની સકંજો કસવાને બદલે કેનેડિયન એજન્સીઓ હાથ પર હાથ દઈને બેસી રહી. આખરે એક ન્યાયિક તપાસને કારણે ત્રીસ વર્ષ બાદ પરોક્ષ રૂપે કેનેડાએ તેના માટે ખેદ વ્યક્ત કરીને કર્તવ્યની ઈતિશ્રી કરી લીધી. સંસદમાં ભારત વિરુદ્ધ નિવેદન આપવાની સાથે જ ટ્રુડોએ એમ પણ કહ્યું હતું કે હાલમાં જી-૨૦ શિખર સંમેલનથી ઈતર પોતાની બેઠકમાં તેમણે વડાપ્રધાન મોદી સમક્ષ નિજ્જરનો મામલો ઉઠાવ્યો હતો. તેમની સરકારનું સમર્થન કરનારા પક્ષ પણ ટ્રુડો સાથે ઊભેલા દેખાયા, પરંતુ એક મુખ્ય વિપક્ષી દળે સમગ્ર તથ્ય સામે મૂકવાની માંગ કરી છે. એવા સમાચારો પણ છે કે કેનેડાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને ગુપ્તચર એજન્સીના પ્રમુખ નિજ્જર મામલાની તપાસ માટે ભારતમાં પોતાના સમકક્ષોને મળ્યા. નિજ્જર સાથે જોડાયેલા કેનેડાના આરોપોને ભારતે ફગાવી દીધા છે. ભારતીય વિદેશ મંત્રાલયે તેને વાહિયાત અને શંકાસ્પદ દાનતથી પ્રેરિત ગણાવ્યા. તેની સાથે જ ભારતે એ તરફ પણ ધ્યાન અપાવ્યું કે કેનેડામાં કઈ રીતે એ ખાલિસ્તાન સમર્થકોને રાજકીય સંરક્ષણ મળેલું છે, જે ભારતમાં હિંસા અને અલગતાવાદને ઉત્તેજન આપી રહ્યા છે. કેનેડાએ નિજ્જર કેસને ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને બ્રિટન સાથે પણ ઉઠાવ્યો. આ દેશોએ કોઈના પક્ષમાં ઝૂકાવ નહિ દેખાડતાં એ દર્શાવ્યું કે કેનેડાના આરોપોની તપાસ થવી જોઈએ.

# હેપ્પી બર્થડે ટુ મી! એક સામાન્ય ગૃહિણીની જીવનગાથા કે યશગાથા! પણ અહમ નથી માતાપિતાનું ગૌરવ છે

આજે કોઈ શબ્દ કે વિષય પર ચિંતન નથી પણ નિયમિત રીતે આવતા ચિંતનનો સ્ત્રોત અને એ નારી શક્તિની યશગાથા વિશે થોડી વાત કરીશું. આમ તો ખુદ વિશે લખવું એટલે અહમ્ લાગે, પણ આજનો સમય પોતાનું મૂલ્ય કરાવનાર નો છે એટલે સહજ. આમ પણ સદગુરુ કૃપા અને વસુધૈવ કુટુમ્બની ભાવનાથી લખાતાં ચિંતનને કારણે આજે ખૂબ મોટો પરિવાર બની ગયો છે, વિદેશમાં પણ એનાં નિયમિત ચાહકો છે. એટલે બહુ સ્વાભાવિક રીતે જ થયું કે મૂળિયા ક્યાં અડે છે એ સૌ જાણે. આમ તો કોઈ સંઘર્ષ જીવનમાં આવ્યો નથી, અથવા તો એ સંઘર્ષ છે એ રીતે જોયું નથી. માટે જીવન વૃતાંત નામ આપી શકું.



નામ છે ફાલ્ગુની વસાવડા, બહુ ટૂંકા ગાળામાં એક સામાન્ય ગૃહિણીનું નામ થોડુક ચર્ચાતુ થયુ છે, અને એ પણ એની લેખની માટે. આમ જુવો તો ખાસ કોઈ એવી લાયકાત પણ નથી, અને કોઈ ડીગ્રી પણ નથી. છતાં સદગુરુ ચરણોમાં શરણાગતિ હોવાથી, એમની કૃપા થતાં જીવનમાં કંઈક વિશેષ કર્મ કરવું, એવો એક નિર્ધાર કરીને જીવન જીવવાનું શરૂ કર્યું, અને એ જીવનનાં લેખાંજોખાં અહીં રજૂ કરી રહી છું. આશા છે આપ સૌને એમાંથી કંઈક જાણવા મળશે, અથવા ભારતીય નારી ધારે તો શું કરી શકે! એ વાત સમજાશે.

૧૯૬૮ની સાલનાં સપ્ટેમ્બર મહિનાની ૨૬ તારીખે અને આસો સુદ સાતમની રાત્રિએ બરોબર બાર કલાકે નાગર ગૃહસ્થ તનસુખ ભાઈ વોરા અને શ્વેતલત્તા બેન વોરાને ઘરે અમદાવાદ ખાતે એક દિકરીનો જન્મ થયો, અને તેનું નામ ફાલ્ગુની રાખવામાં આવ્યું,જે નામ પ્રમાણેના નક્ષત્ર જેમ તેજસ્વી અને દેખાવે પણ એકદમ સુંદર અને હોશિયાર, તેમજ મમ્મી પપ્પાની તેમજ કુટુંબની લાડકી.આમ પણ વોરા કુટુંબમાં દિકરી ઓછી હતી, એટલે બધાએ ખૂબ લાડ લડાવ્યા. જેને બે ભાઈ અને એક મોટી બહેન પણ છે, અને બધા જ મમ્મી પપ્પાના સંસ્કારને ઉજાગર કરનાર છે. દીકરીઓ માટે આજથી ૫૫ પહેલાનો યુગ ઘણો જુદો હતો. પરંતુ નાગરનાં ઘરે જન્મ થયો હોવાથી, દીકરી હોવા છતાં અમુક છૂટ જન્મથી જ મળી હતી, અને પૂર્વજન્મના સંસ્કાર કહો કે મા-બાપ ના સંસ્કાર એને કારણે સામાજિક દૂષણ પ્રત્યે પહેલેથી જ મનમાં એક ગુસ્સો હતો, અને એમાં પણ સમાજમાં થતાં દિકરા દિકરીના ભેદભાવ વિષે ખાસ. બાલમંદિર અમદાવાદમાં, પ્રાથમિક શિક્ષણ સુરેન્દ્રનગર,તેમજ ભાવનગર, અને માધ્યમિક શિક્ષણ ભાવનગર તેમજ કોલેજ પણ ભાવનગર. આમ તો બીએસસીની ડીગ્રી ધરાવે છે,પણ કાર્યક્ષેત્ર તરીકે ગૃહિણી જ બનવાનું પસંદ કર્યું. માત્ર ૨૦ વર્ષની ઉંમરે લગ્ન થયા, અને,પ્રેમાળ પતિ સાથે ગૃહસ્થીમાં ડગ માંડી સંસારી બની. બહુ થોડા જ સમયમાં માતા પણ બની, એટલે બહુ સ્વાભાવિક રીતે જ ગગનમાં ઉડતાં પંખીને પાંજરે પુર્યુ હોય એવો ભાવ થયો. દેખીતી રીતે આજે વિચારીએ તો કંઈ નવું ન લાગે, પણ ઉંમરની નાદાનિયત ને કારણે સતત એનું એ જ કાર્ય કંઈક ને ક્યાંક બંધન લાગ્યું! કર્તવ્ય કર્મ પ્રત્યે ક્યારેય ઉદાસી કે નારાજગી રાખી નહીં. સૌની ઈચ્છા ને માન આપવું એવા માતા પિતાના સંસ્કાર હતાં, એટલે આટલાં મોટા પરિવારમાં બધું મૌન રહી જોયે રાખ્યું, ને પૂર્ણ નિષ્ઠા તેમજ પ્રમાણિક પણે સૌને અપનાવ્યા, હળીમળીને પ્રેમ કે લાગણીની નદી બની વહેવાનું પસંદ કર્યું. પણ જીવનમાં પોતાનું મુલ્ય શું ? અસ્તિત્વ એ પોતાની માટે શું કર્મ નિયત કર્યું હશે? કે માત્ર બાળકો ઉછેરવા ને ઘર રસોડું સંભાળવું બસ એટલું જ!! એવો કંઈક અભાવ કે અસંતોષ આ જીવનથી થતો, અને શું કામ એ પણ પકડાતું નહોતું! કારણ ન રુપિયા પૈસાની તંગી હતી, કે ન કોઈ મોજશોખ આડે આવતું હતું, બાળકો પણ દેખાવડા ને અત્યંત બુદ્ધિશાળી, પતિ તો મહાદેવ સમાન ભોળાં,અને પ્રેમ રસિક! વડીલો પણ એમ તો આધુનિક વિચારસરણી ધરાવતા હતાં, એટલે આમ જુવો તો કંઈ જ ખૂટતું નહોતું! છતાં કંઈક કરવું પડશે આ જન્મ ફેરો સફળ બનાવવા. અને શું કરું? શું કરું? ના પ્રશ્ન થકી જ સદગુરુદેવ મળ્યા,ખરેખર ૧૯૯૦નાં જૂન મહિનાની ૨/૬/૧૯૯૦ તારીખ એટલે એમની પુણ્યતિથિ છે, એનાં બીજા જ દિવસે એટલે કે ૩/૬/૧૯૯૦ના દિવસ એ પ્રથમવાર માતૃત્વ પ્રાપ્ત કર્યું, પહેલે ખોળે પુત્ર અને પછી બે પુત્રી એમ ત્રણ સંતાનની માતા બની. નાનપણથી જ ગાયત્રી માતા તથા ગાયત્રી મંત્રમાં ખૂબ શ્રદ્ધા હોવાથી ૧૯૯૧ની સાલથી સદગુરુદેવને વાંચ્યા પછી ચૈત્રી ને, આસો નવરાત્રીનાં અનુષ્ઠાનનું આજીવન વ્રત લીધું,બસ એને કારણે જીવનમાં એક સકારાત્મક અનન્ય શક્તિ પ્રાપ્ત થઈ અને ગુરુદેવની પવિત્ર આભા કાયમ કવચ બની પરિવારનુ રક્ષણ કરતી રહી. મંત્રોચ્ચાર કે, મંત્ર લેખનથી બુદ્ધિ સ્થિત પ્રજ્ઞ થઈ શકે, એવું ગુરુ વચન યાદ રાખી,બને એટલાં મંત્ર જાપ કર્યા, અને બને એટલી મૃદુતા તથા વિનમ્રતાથી સૌ કોઈ સાથે આત્મીયતાથી અને મદદરૂપ થવાની ભાવના રાખી, જીવન જીવાતું રહ્યું. ધ્યાનની ધરા પર અવનવી અનુભૂતિની સંપત્તિ તેમજ મા સરસ્વતીને શારદાનાં આશિષથી કલમમાં બળ આવતાં, આ લેખિકાની સફર શરૂ થઈ.આમ તો ૧૯૯૨ની સાલમાં કર્મનો સિદ્ધાંત એટલે કે ૨૪ વર્ષની ઉંમરે આધ્યાત્મિક લેખની શરૂઆત કરી, પછી તો કેટલુંય લખાયું. વચ્ચે વચ્ચે જીવંત બુદ્ધ પુરુષ તરીકે પુજ્ય મોરારીબાપુને સાંભળ્યા અને સ્વીકાર્યા,તેમજ તેમની પણ કેટલીય કથા સાંભળી. એમાં પણ માનસ નાગર વખતે નરસિંહને વધુ વાંચ્યા ને ગાયાં હોવાથી એની ચેતના એ ભીતર ઘર કર્યું, અને જીવ એ વસુધૈવ કુટુંબ સાથે શુભ મંગલ તરફ પ્રયાણ કર્યું. વ્રજ વનિતા બની શ્યામ સાથે કંઈક ગોઠડી કરી ને, આ સંબંધ પર પુષ્કળ પ્રમાણમાં મૌલિક કાવ્ય રચના ઓ લખી.

અનુષ્ઠાનમાં થતી એ અનુભૂતિને શબ્દ વાંચા આપી ચિંતનની ક્ષણે લખવાનું શરૂ કર્યું,એ બધું લગભગ વર્ષમાં બે નવરાત્રી અને શ્રાવણ તેમજ અન્ય દેશભક્તિના તહેવાર હોય દિવાળી, હોળી, રક્ષાબંધન, જન્માષ્ટમી, મકરસંક્રાંતિ,એમ તો જન્મ દિવસ કે લગ્ન દિવસ પછી તો વાર્તાનો દોર શરુ થયો,આમને આમ ડાયરીઓ ભરાતી ગઈ. મારી લેખનીની પ્રથમ વાચક મારી મોટી પુત્રી બની,અને પછી તો એમ તો ઘણા વાચક થયાં, પુત્ર પણ મને ભાષામાં મદદ કરતો,અને અમારા એ.. પણ ખરાં. બધાએ મને લખવા પ્રોત્સાહન પણ આપ્યું, આમ સંતાનો માતાના માર્ગદર્શક પણ બન્યા.જીવન સફર આગળને આગળ ચાલતી ગઈ, અને પુત્ર પુત્રીના લગ્ન વિધિ પણ સંપન્ન થઈ, હવે જ ખરો દોર શરૂ થયો, પુત્ર ને પૂત્ર વધૂ ઓસ્ટ્રેલિયા જોબ ને કારણે,તો પુત્રી તો છેક જર્મની, મમતા આમતો દૂષણ નહતી, પણ એમ બધા ચાલ્યા જાય એટલે આકરું તો લાગે જ! જીવન આમ અનેક ગતિવિધિઓ માંથી પસાર થઈ અડધી સદી ઉપર પહોંચ્યું. સંતાનો એ સ્માર્ટફોનની ગીફ્ટ આપી, અને એમાંથી પછી પ્રતિલિપિમાં લખવાનું શરૂ થયું, અને આ વર્તુળ વધતું જ ગયું, અંદરોઅંદર જાન પહેચાન થતાં બધાં એ પોતાના ગૃપમાં સ્થાન આપ્યું, ધીરે ધીરે પછી મૌલિક માંથી અછંદાસ,અને અછંદાસ માંથી છંદમાં પણ લખવાનું શરૂ કર્યું, અને કોરોના કાળ અંતર્ગત જ્યારે બધા નિરાશામાં ઘેરાઈ ગયા હતા, ત્યારે નિત્ય સવારે, બ્રોડ કાસ્ટ ગૃપ, સાહિત્ય ને લગતા લગભગ ૭૫ વોટ્સએપ ગૃપો થકી,અને ખાસ કરીને ગુજરાતી મેળો નામના ચૌદ ગૃપ આજે તો આ સાયકલ શૃંખલા ખૂબ લાંબી બની છે, અને આ ઉપરાંત સાત નાના દૈનિક છાપાં ઓમા પણ આ લેખને સ્થાન મળ્યું. સૌના પ્રતિભાવ રૂપે પ્રોત્સાહન અને કલમને બળ મળે છે. આ સફર એકરીતે અઘરી રહી, કારણ કે પપ્પા ને મમ્મીના દેહ વિલયની ઘટના પણ ઘટી, ઉપરાંત સંયુક્ત કુટુંબ હોવાથી વડીલોની બિમારી વગેરે પણ આવે, સંતાનના પ્રશ્નો પણ થયાં.પરતુ એકદંરે આ સફરનો થાક નથી, કે નથી એમાં ઘસડાયા જેવો ભાર લાગતો એ વાત પાકી. ઉપરાંત દરેક દિશામાં ઉજળું અજવાળું જાણે સાક્ષાત સૂર્ય, પછી જ્ઞાનનો હોય, કર્મનો હોય, ધર્મનો હોય,કે ભક્તિનો કે અલૌકિક આનંદનો પણ સદગુરુ સમાન સૂર્યને કારણે જીવન ઝગમગતું થયું એ વાત પાકી.

પરમ પૂજ્ય સદગુરુનું અભિયાન છે, કે ૨૧મી સદીમાં ભારતીય સંસ્કૃતિને બહુ ઊંચું સ્થાન મળે, એ માટે થઈને ઘરે ઘરે આ રીતે જાગૃતિ આવે, તેમજ પરિવારનું વર્તુળ વધારતાં વધારતાં સૌ સંવેદના પૂર્વક જીવન જીવે, અને સમાજમાં પણ વિજ્ઞાન વિકાસની સાથે સાથે સૌનો માનસિક વિકાસ પણ થાય.આમ જુવોતો આ શબ્દ વર્ષા થઈ તેની પાછળ કંઈ દુઃખના ડુંગરા તૂટી પડ્યાં, કે એવું કંઈ થયું નથી, પરંતુ દરેક સ્ત્રીએ પોતાના અધિકાર માટે જાગૃત થવું પડે, પોતાના વ્યક્તિત્વ કે અસ્તિત્વની ઈચ્છા આખરે શું છે? એ જાણવું પડે, અને કદાચ આ કલમ પણ એટલે જ ચાલે છે. કારણ કે આ રીતે સ્ત્રીઓની માનસિકતા તેમજ માન સન્માન માટે સામાજિક લેખ,વાર્તા, કવિતા લખાય એ જરૂરી છે. સંસારી સંબંધોનું વિશ્લેષણ કરી દરેકનાં જીવન સરળ ને મધુર બનાવવાની એક નમ્ર કોશિશ કરીએ તો, એ રીતે સમાજમાં જાગૃતિ આવે.એટલે કે સમાજ સેવાનું કાર્ય કે જન જાગરણનું કાર્ય આ રીતે સદગરુ ભગવાન કરાવી રહ્યા છે, બાકી જીવની કોઈ મોટી ઉપલબ્ધિ નથી. આજે તો આપ સૌના અંતરના પ્રેમની વૃષ્ટિથી કેટલાય ન્યુઝ પેપરમાં સ્થાન મળ્યું છે. પ્રથમ ચાન્સ આપનાર નમસ્કાર ગુજરાતના તંત્રી શ્રી કલ્પેશભાઈ પટેલથી શરું થયેલી આ યાત્રા ગાંધીનગર ટુડે,સમય સૌનો, ગુજરાત મેઈલ, વલસાડ કેસરી, એકલવીર, પગદંડી, ગાંધીનગર મેટ્રો,અને ગાંધીનગર જન ફરિયાદ તથા લોકશાહીની કલમે, યુગાંતર, સૌરાષ્ટ્ર પ્રતિબિંબ અને ચેનલ નાઈન નેટવર્ક એમ બધાની જરુરીયાત મુજબ બધા પ્રકારના લેખ,અને બધી પ્રકારની વાર્તા, કચ્છ દસ્તક, જનતા જોગ , ગુજરાત કોમ્યુનિટી ન્યુઝ, આ ઉપરાંત લુહાણા મહાજનના અધ્યક્ષ આનંદ ભાઈનુ સૌજન્ય પણ ખરું.આશા રાખું છું કે આપ સૌને આ એક સાવ સામાન્ય ગૃહિણીની વાત ગમી હશે, છતાં પણ આપનાં અમુલ્ય સમય માટે સદાય સૌની ખૂબ ખૂબ આભારી રહીશ.આપ સૌને મારા સ્નેહ વંદન અને જય સીયારામ.


# શક્તિ રે તું તો જગની જનેતા મા ભોળી ભવાની મા અંબા ભવાની માત હું તો તારા પગલાં પૂજીશ મૈયા લાલ




**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા

ભક્તિ શક્તિ અને આસ્થાના કેન્દ્ર સમાં જગત જનની માં અંબાના ધામમાં ભાદરવી પૂનમના મહા મેળાની શરૂઆત થતા જ લાખો ભક્તો માં અંબાના ધામમાં ઉમટી પડ્યા છે ભક્તો નાચતા ગાતા ઢોલ નગારા રથ દવજાઓ સાથે માં ના ધામમાં મંદિર પરિસરમાં આવી રહયા છે ભક્તો અંબાના ધામમાં આવતા તેમનામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે..





અરવલ્લીના પહાડોની વચ્ચે આવેલું અંબાજી ખૂબ જ પ્રચલિત યાત્રાધામ ગણાય છે. પુરાણોમાં લખ્યું છેકે અહીં અંબિકા વન હતું. અંબાજીએ સમુદ્ર સપાટીથી ૧૫૮૦ ફૂટની ઉંચાઇ ઉપર અરવલ્લીના પહાડોની વચ્ચે વસેલું છે. શ્રી અંબાજી મંદિરમાં કોઈ દેવીની મૂર્તિની પૂજા થતી નથી. પરંતુ વીસાયંત્રની પૂજા કરાય છે.આ યંત્ર માન્યતા અનુસાર શ્રીયંત્ર છે જે ઉજ્જૈન તેમજ નેપાળના શક્તિપીઠોના મૂળ યંત્ર સાથે સંકળાયેલું હોવાનું અને યંત્રમાં એકાવન અક્ષર હોવાનું પ્રમાણ છે.આ યંત્રની દર મહિના ની આઠમે પૂજા થાય છે. આ તીર્થ ક્ષેત્રમાં બારેમાસ યાત્રીઓ દર્શન માટે આવતાં હોય છે. દર માસની પુનમે બહુ મોટી સંખ્યામાં યાત્રિકો અહીં આવે છે અને મંદિરના શિખર ઉપર ધજા ચઢાવે છે. ધાર્મિક રીતે અંબાજી ભારતની શક્તિપીઠમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આ વિસ્તાર સરસ્વતી નદીનું ઉદગમસ્થાન અને શ્રી આદ્ય શક્તિનું પુરાણપ્રસિધ્ધ સ્થાન છે. અંબાજીથી બે કિલોમીટર દૂર ગબ્બરના પહાડ પર આવેલી ગુફા માં અંબામાતાનું આદિસ્થાન મનાય છે. અંબાજીમાં નવરાત્રિનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. મંદિરની નજીક આવેલ વિશાળ સ્થાપત્ય કલાનું બેનમૂન વર્ષો પુરાણું માન સરોવર આવેલું છે.જ્યાં શ્રીકૃષ્ણ ભગવાન ની ચૌલ ક્રિયા કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે.

અંબાજીના મંદિરમાં માતાજીની માન્યતા તથા શ્રદ્ધા લોકોમાં વિશેષ જોવા મળે છે. મૂળ આ મંદિર વર્ષો પહેલા બેઠા ઘાટનું નાનું મંદિર હતું, પરંતુ જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ સુધારા સાથે અત્યારે આ મંદિર તેની સર્વોચ્ચ ઉંચાઈને સર કરે તેવું અને ભવ્યાતિ ભવ્ય મંદિરના ટ્રસ્ટ્રીઓ દ્વારા બનાવવામાં આવ્યું છે. વર્તમાન સમયે મંદિરની ઉપરનો કળશ અને શિખર સંપૂર્ણ સોના માંથી બનાવવામાં આવ્યો છે. મંદિરની આગળ મોટો મંડપ છે અને ગર્ભગૃહમાં માતાજીનો ગોખ છે. ખાસ વાત ધ્યાન આપવા જેવી એ છે, કે આટલી મોટી સંખ્યામા અહી યાત્રાળુઓ આવે છે પરંતુ તેમને કદાચ એ વાતની ખબર નહી હોય કે માતાજીના વાસ્તવિક સ્થાનકમાં માતાની મૂર્તિ નથી, પણ ગોખમાં એવી રીતે વસ્ત્ર અલંકારો તથા આભુષણો ગોઠવવામાં આવે છે કે જેથી કરીને દર્શન કરનારને સવાર, બપોર ને સાંજે જાણે કે વાઘ ઉપર માતાજી બેઠાં હોય એવા જુદી જુદી જાતના દર્શન થાય છે. બિલકુલ આ માતાજી આગળ વર્ષોથી ઘીના બે અખંડ દીવા પ્રગટે છે.

આરાસુરનું અંબાજીનું મંદિર દંત કથામાં શ્રીકૃષ્ણથીયે જુના કાળનું મનાય છે. શ્રીકૃષ્ણની બાબરી આ ઠેકાણે ઉતરાવવા નંદ યશોદા આવ્યા હતા તેવું મનાય છે. રૂક્મણિએ આ માતાજીની પૂજા કરી હતી તેવું મનાય છે.જો આ દંતકથાઓને છોડીને પૌરાણિક પુરાવાઓ તપાસીએ તો,માન સરોવરના કિનારા ઉપરના મંદિરમાં મહારાણા શ્રી માલદેવનો વિ.સ. ૧૪૧૫ (ઈ.સ.૧૩૫૯)નો લેખ મળે છે. અંબાજીના મંદિરના અંદરના મંડપના દ્વારમાં એક સન.૧૬૦૧ નો લેખ છે.તેમાં રાવ ભારમલ્લની રાણીએ માતાને કેટલીક વસ્તુઓ અર્પણ કર્યાના લેખો છે, તે ૧૬મા શતકના છે.એક બીજા સન૧૭૭૯ ના લેખમાં એક ધર્મશાળા બંધાયા ની વિગતછે અર્થાત કે ઈ.સ.૧૪મા શતકથી તો આરાસુરનાં અંબાજી ની માન્યતા સતત ચાલી આવે છે. પણ તે પહેલાના બસો-ત્રણસો વર્ષથી આ સ્થાનનો મહિમા ચાલુ હોવાનો સંભવ છે.કારણ કે અંબા જીની નજીકમાં કુંભારીયા કરીને એક ગામ છે.

આ ગામમાં વિમળ શાહના ધોળા આરસ પહાણનાં જૈન દેરાસરો છે. આ દેરાસરો વિષે ૯એવી દંતકથાઓ છે કે અંબાજી એ આપેલા ધનથી આ સ્થાન પર વિમળ શાહે ૩૬૦ દેરાસરો બંધા વ્યા,પણ માતાજી એ પૂછ્યું કે આ દહેરા કોના પ્રતાપથી બંધાવ્યા? ત્યારે વિમળ શાહે ઉત્તર આપ્યો કે ગુરૂના પ્રતાપથી. આ ઉત્તરથી ક્રોધિત થઈને માતાજીએ દેરા બાળી નાંખ્યા અને માત્ર પાંચ રહેવા દીધા. દેવી ભગવતીની કથા અનુસાર મહિષાસુરે તપ કરી અગ્નિદેવને પ્રસન્ન કર્યા, એમણે વરદાન આપ્યું કે નરજાતિના નામવાળા શસ્ત્રોથી તેને મારી શકાશે નહી.આ વરદાનથી તેણે દેવોને હરાવી દીધા અને ઈન્દ્રાસન જીત્યું તથા ઋષિઓના આશ્રમો નો નાશ કર્યો.પછી વિષ્ણુ લોક અને કૈલાસ જીતવાનું નક્કી કર્યુ.આથી દેવોએ ભગવાન શિવ ની સહાયતા માંગી. ભગવાન શિવે સહાયતા માટે દેવી શક્તિની આરાધના કરવા દેવોને જણાવ્યું દેવોએ તેમ કરતાં માઆદ્ય શક્તિ પ્રગટ થયા અને તેમણે મહિષાસુર નો નાશ કર્યો. તેથી દેવી મહિષાસુર -મર્દિની તરીકે ઓળખાયા.

બીજી એક કથા પ્રમાણે મા સીતા જીની શોધ કરતાં શ્રી રામ અને શ્રી લક્ષ્મણ આબુ પર્વતના જંગલની દક્ષિણે આવેલા શ્રૃંગી ઋષિના આશ્રમે આવ્યા. ઋષિએ તેમને અંબાજીની આરાધના કરવા કહ્યું. શ્રી રામ અને લક્ષ્મણે આરાધના કરી, દેવોએ પ્રસન્ન થઇ અજય નામનું એક બાણ આપ્યું જેનાથી શ્રી રામે રાવણનો નાશ કર્યો.

દ્વાપરયુગમાં શ્રીકૃષ્ણની બાબરી ઉતારવાની વિધી માટે નંદ અને યશોદા ગબ્બર આવ્યા હોવાનું અને ત્રણ દિવસ રોકાઈને ભગવાન શિવ તથા માં અંબાજીની પૂજા- અર્ચના કરી હોવાનું એક કથામાં વર્ણન છે.આજે ભાદરવા સુદ અગિયારસ જલઝીલણી એકાદશી ઠાકરજી મહારાજની શોભાયાત્રા નીકળશે. પદયાત્રીકો મા અંબે જય ભવાની જય ઘોષ સાથે આગળ વધી રહયા સૌની મનોકામના મા અંબે ગબ્બરવાળી પુરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# હાઇ કોલેસ્ટ્રોલમાં સ્કિન પર જોવા મળે છે આ લક્ષણો, નજરઅંદાજ કરશો તો ભારે પડશે

શરીરમાં કોલેસ્ટ્રોલ હાઈ થાય ત્યારે સ્કિન પર અનેક લક્ષણો જોવા મળે છે. આ લક્ષણોને તમે ઈગ્નોર કરો છો તો મોટી તકલીફમાં મુકાઈ શકો છો. સ્કિન પર દેખાતા નાના ફેરફાર તમને મોટી મુસિબતમાં મુકી શકે છે. ખરાબ લાઈફ સ્ટાઈલ અને ખોટી ખાન-પાનની આદતને કારણે હાઈ કોલેસ્ટ્રોલની સમસ્યા વધી રહી છે. હાઈ કોલેસ્ટ્રોલ થવાને કારણે હાર્ટને લગતી બીમારીઓની સાથે સ્ટ્રોકનું જોખમ વધી જાય છે. હાઈ કોલેસ્ટ્રોલની જાણ સમય રહેતા થાય છે તો લાઈફ સ્ટાઈલમાં બદલાવ કરીને તમે કંટ્રોલ કરી શકો છો. શરીરમાં નસોમાં ગંદુ કોલેસ્ટ્રોલ વધવા માટે સ્કિન પર કેટલાક લક્ષણો જોવા મળે છે, જેને મોટાભાગના લોકો નજરઅંદાજ કરતા હોય છે. તો આજે અમે તમને હાઈ કોલેસ્ટ્રોલને કારણે સ્કિન પર કયા લક્ષણો જોવા મળે છે એ વિશે જણાવીશું. નસોમાં ગંદુ કોલેસ્ટ્રોલ જમા થવા પર સોરાયસીસની સમસ્યા થવા લાગે છે, જેના કારણે હાયપરલિપિડેમિયા પણ કહેવામાં આવે છે. આ કારણે સ્કિન પર ખંજવાળ અને ડ્રાયનેસ જોવા મળે છે. સોરાયસીસ થાય ત્યારે ખંજવાળને કારણે ઘણી વાર તાવ પણ આવે છે. શરીરમાં જ્યારે કોલેસ્ટ્રોલ વધી જાય ત્યારે



આંખોની આસપાસની સ્કિન પર પીળા અને હળવા નારંગી રંગની સ્કિન થઈ જાય છે જેના કારણે સોજો આવ્યો હોય એવુ લાગે છે. આંખોની આસપાસની સ્કિન પર તમને કોઈ પણ નવો બદલાવ જોવા મળે છે તો તમે તરત ડોક્ટરનો સંપર્ક કરો. તમે આ વાતને ઈગ્નોર કરો છો તો અનેક પ્રકારની મુશ્કેલીમાં મુકાઈ શકો છો. આ પરિસ્થિતિમાં હંમેશા ડોક્ટરની સલાહ મુજબ આગળ ચાલો. કોલેસ્ટ્રોલ જ્યારે હાઈ થાય ત્યારે શરીર પર રીંગણ જેવા કલરના તેમજ લીલા રંગના ડાઘા ધબ્બા જોવા મળે છે. આ કારણે નસો બ્લોક થાય છે. શરીરમાં બ્લડ ફ્લો ઓછુ થઈ જાય ત્યારે આ સમસ્યા થાય છે જેને તમે નાની વાત સમજીને ઈગ્નોર કરો છો તો મોટી મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

# યુવાનોને ઘૂંટણની સમસ્યા કેમ થાય છે? ડોક્ટરે આમ થવાના કારણ જણાવ્યા

યુવાનોમાં ઘૂંટણની સમસ્યા વધી રહી છે જેની અસર તેમના સામાન્ય જીવનની સાથે નોકરી-ધંધા પર પણ પડતી હોય છે. આવી સ્થિતિમાં કેટલીક બાબતોનું ધ્યાન રાખવાની જરુર છે. આ અંગે ડૉ. સુધા ચૌહાણ દ્વારા કેટલીક જરુરી માહિતી આપ વામાં આવી છે.

સમયના બદલાવાની સાથે લાઈફ સ્ટાઈલમાંઘણાં પરિવર્તન આવી રહ્યા છે, જેમાં કેટલાક પરિવર્તન માણસ માટે મુશ્કેલી પણ ઉભી રહ્યા છે. આજના સમયમાં યુવાનોમાં પણ હાર્ટ અટેક સહિતની સમસ્યાઓ કે જે ૪૦-૫૦ વર્ષ પ છી જોવા મળતી હતી તેમાં વધારો થઈ રહ્યો છે. જેમાંથી એક ઘૂંટણના દુખાવાની સમસ્યા પણ છે. ઘૂંટણનો દુખાવો યુવાનીમાં પરેશાન કરે તો તેની ગંભીર અસરો વ્યક્તિના અભ્યાસ, કરિયર, સામાન્ય જીવન સહિત પર પડે છે. જે રીતે વૃદ્ધ વ્યક્તિને અમુક ઉંમર પછી ચાલવામાં કે ઉઠવા બેસવામાં તકલીફ પડતી હોય તેવી તકલીફ આજકાલ યુવાનોને પણ પડી રહી છે. વૃદ્ધા વસ્થામાં ઘૂંટણીની સમસ્યા થવાથી ની-રિપ્લેસમેન્ટ સર્જરીની પણ જરુર પડતી હોય છે. આ અંગે



એક્સપર્ટ ડૉ. સુધા ચૌહાણ દ્વારા કેટલીક મહત્વની બાબતો પર વિગતે માહિતી આપવામાં આવી છે..

ડૉ. સુધા જણાવે છે કે, ઘૂંટણના દુખાવાના કારણોમાં મુખ્ય કારણ દર્દીના શરીરનું વજન છે. કારણ કે શરીરનું કૂલ વજન હોય તેનાથી ચારગણું વજન ઘૂંટણ પર આવતું હોય છે. ઉદાહરણ તરીકે જો કોઈ વ્યક્તિનું વજન ૮૦ કિલોગ્રામ છે તો ઘૂંટણ પર આવતું વજન ૩૨૦ કિલોગ્રામ થઈ જતું હોય છે. આવું ચાલતી વખતે અને ઉભા રહ્યા હોય ત્યારે થતું હોય છે. માટે જો શરીરનું ૧ કિલોગ્રામ વજન પણ ઉતરે તો ઘૂંટણ પર આવતા વજનમાં ૪ કિલોગ્રામનો ઘટાડો થાય છે.

# નોનવેજ ખાવામાં ન આવે તો શરીરમાં શું થાય? આ ૫ ફેરફાર તરત દેખાશે

અમુક લોકો શુદ્ધ શાકાહારી હોય છે, તો અમુક લોકોને માંસાહારી ફુડ જેમ કે ચિકન, મટન, માછલી, સી ફુડ્સ વગેરે ખાવાનું પસંદ હોય છે. આવા લોકોને દરરોજ નોનવેજ ખાવાનું મળે તે ના નહીં કહી શકે. જો કે, આ બાજૂ અમુક વર્ષોથી વેજેટેરિયન ફુડ ખાનારા લોકોની સંખ્યા વધી છે. હકીકતમાં અમુક એક્સપર્ટનું માનવું છે કે, પ્લાન્ટ બેસ્ડ ફુડ્સ, વેગન ડાયટ અથવા શાકાહારી ભોજનના સ્વાસ્થ્ય પર કેટલાય લાભ થાય છે. શું આપે ક્યારેય વિચાર્યુ છે કે, જો આપ એક મહિના સુધી નોનવેજ ફુડ્સને જરાં પણ ખાવામાં ન આવે તો, આપનું સ્વાસ્થ્ય અને શરીરનું શું થશે? હકીકતમાં જોએ તો, જ્યારે આપ ચિકન, મટનનું સેવન એક મહિનો બંધ કરી દે તો તેના કેટલાય ફાયદા થશે. ઈંડિયન એક્સપ્રેસ ડોટ કોમમાં છપાયેલ એક સમાચાર અનુસાર, માંસ અને અન્ય માંસાહારી આહારનું સેવન બંધ કરવાના કેટલાય ફાયદા હોય છે. આપ જે ફણ ન્યૂટ્રિએંટ્સ નોન વેજટેરિયન ફુડ્સમાંથી મળી છે. તેનાથી ક્યાંય વધારે શાકાહારી વસ્તુઓમાંથી મળે છે. આવો જાણીએ એક મહિના જો માંસનું સેવન ન કરવામાં આવે તો, શરીરને શું શું લાભ થઈ શેક છે. જ્યારે આપ નોનવેજનું સેવન ઓછું કરે છે તો તેનાથી ક્રોનિક ડિઝીજ હોવાનું રિસ્ક ખૂબ ઓછું થઈ જાય છે. આપને શરીરને કેટલાય પ્રકારના પોષક તત્વોની પ્રાપ્તિ થાય છે, જે ફક્ત માંસના સેવનથી સંભવ નથી. સાથે જ નિશ્ચિત રીતે નોનવેજનું સેવન ન કરવાથી પર્યાવરણના



હિસાબે પણ ફાયદાકારક છે. જ્યારે આપ પ્લાન્ટ બેસ્ડ ડાઈટનું સેવન કરીએ તો, તેનાથી ક્રોનિક ડિઝિજ હોવાની સંભાવના ખૂબ ઓછી થઈ જાય છે. હાર્ટ ડિજિજ, હાઈ બ્લડ પ્રેશર, ટાઈપ-૨ ડાયાબિટીઝ, અમુક ખાસ પ્રકારના કેન્સર થવાનું જોખમ ઘટી જાય છે. ડાયટમાં નોનવેજની જગ્યાએ જ્યારે આપ એક મહિનો સુધી અલગ અલગ પ્રકારના પ્લાન્ટ બેસ્ડ ફુડ્સ સામેલ કરશો તો શરીરને કેટલાય પ્રકારના પોષક તત્વો મળે છે. ત્યારે આવા સમયે આપને એનિમલ પ્રોડક્ટ્સની જરુર પડશે નહીં. પાચનતંત્રમાં થશે સુધારો-જો આપ નોનવેજ છોડીને પ્લાન્ટ બેસ્ડ ફુડ્સનું સેવન કરવા લાગશે તો સ્વાસ્થ્યને કેટલાય લાભ થશે. વેજીટેરિયન ફુડ્સ ફાઈબરમાં રિચ હોય છે, જે હેલ્દી ડાઈજેશનને પ્રોત્સાહન આપીને કબ્જની સમસ્યાને રોકે છે. તેનાથી આપને બાઉલ મૂવમેન્ટ યોગ્ય બનાવી રાખે છે. ડાઈઝેસ્ટિવ સિસ્ટમમાં કોઈ સમસ્યા જલ્દી નથી થતી. એનર્જી લેવલમાં સુધાર- જ્યારે આપ પ્લાન્ટ બેસ્ડ ફુડ્સનું સેવન કરો છો તો આપના શરીરમાં કેટલાય પ્રકારના પોષક તત્વ જેમ કે વિટામિન્સ, મિનરલ્સ કોમ્પ્લેક્સ કાર્બોહાઈડ્રેટ્સ પ્રાપ્ત થાય છે, જે શરીરમાં એનર્જી લેવલને વધારે છે. આવુ માંસનું સેવન કર્યા બાદ નથી થતું.

# બટાકા-નથી ખાલી ચટાકા!



બટાકા, બટેટા, બટાટા કે પોટેટો (નામ રૂપ જૂજવા!)એ વર્ષોથી રસોડા પર રાજ કરતું શાક છે. ગૃહિણીઓ માટે તો બટેટા એ સંકટ સમયની સાંકળ છે. બટેટા ન ખાધા હોય કે ન ભાવતાં હોય એવા વ્યક્તિઓ ખૂબ ઓછાં જોવા મળશે. બટેટા સર્વાધિક લોકપ્રિય હોવાનાં મુખ્ય કારણો જોઈએ તોપ અન્ય શાકભાજીની જેમ સીઝનલ ન હોતાં આખ્ખું વરસ સરળતાથી મળી રહે છે. અન્ય શાકભાજીની સાપેક્ષે (ફ્રિજ વિના પણ) લાંબા સમય સુધી સંગ્રહી શકાય છે. વિવિધ રેસિપીઓમાં અન્ય શાકભાજી સાથે સરળતાથી ભળી જાય છે. મહ્દ અંશે વ્યાજબી ભાવમાં આખ્ખું વર્ષ મળી રહે છે. આવા વર્સેટાઈલ કારણોસર બટેટા ફૂડ ઈન્ડસ્ટ્રીઝમાં દશકાઓથી એકચક્રી શાસન ભોગવે છે, પણ બટેટાને આરોગ્યવિજ્ઞાનમાં અન્ય શાકભાજીની તુલનામાં ઓછું મહત્ત્વ અપાયું હોય તેવું લાગે છે. તેની પાછળનું મુખ્ય કારણ બટેટામાં રહેલું કાર્બોદિત પદાર્થોનું (કાર્બોહાઈડ્રેટનું) થોડું વધુ પ્રમાણ અને તેનો વજન વધારવાનો ગુણ જવાબદાર છે,પરંતુ આજે આપણે બટાકાની થોડી ઉજળી બાજુને ઉજાગર કરવી છે.

બટાકાનું જન્મસ્થળ આયરલેન્ડ માનવામાં આવે છે. દુનિયાનાં મોટાભાગનાં દેશોમાં તેનો રોજબરોજનાં ખોરાકમાં ઉપયોગ થાય છે. મોટાભાગનાં લોકોનાં મનમાં એવી ગ્રંથિ છે કે બટેકા ખાવાથી ખૂબ વજન વધે છે, ખરેખર આ દોષ માટે બટેકા નહિ પણ તેનાં ઉપયોગની પદ્ધતિ વધુ જવાબદાર છે એવું ઘણાં લોકો દ્રઢપણે માને છે. કેમ કે બટેકામાં મોટો ભાગ પાણી છે. માત્ર કાર્બોહાઈડ્રેટ ઉપરાંત બટેકામાં વધતી ઓછી માત્રામાં વિટામિન સી, કેલ્શિયમ, ફોસ્ફરસ, પોટેશિયમ, આયર્ન, મેગ્નેશિયમ, અલ્પાંશે પ્રોટીન અને લાયસીન નામનું ભૂખ લગાડનાર તત્ત્વ પણ મળી આવે છે. બટાકા જ્યારે ઘી કે તેલમાં તળાય છે ત્યારે તે નુકસાનકારક હદે વજન વધારવા સક્ષમ બને છે. એટલાં

## કાર્બોદિત પદાર્થોનું (કાર્બોહાઇડ્રેટનું) થોડું વધુ પ્રમાણ અને તેનો વજન વધારવાનો ગુણ જવાબદાર છે

માટે બટેકાને શેકીને અથવા બાફીને ખાવા વધુ લાભદાયી છે. આયુર્વેદનાં છ મુખ્ય ગ્રંથોમાંથી લઘુત્રયીમાં સમાવિષ્ટ 'ભાવ-પ્રકાશ' માં બટેકાને ગુણમાં શીતલ, મધુર, પચવામાં ભારે, રક્તપિત્તનો નાશ કરનાર, બલ આપનાર, પોષણ આપનાર, સ્તંભક અને વજન વધારનાર કહ્યા છે. કૃશ કે ઓછાં વજનવાળાં લોકોએ બટેકાનો છાલ સહિત ઉપયોગ કરવો જોઈએ. બટેકાનો યોગ્ય ઉપયોગ શરીરમાં માંસ ધાતુની વૃદ્ધિ કરી શરીરને સુડોળ બનાવે છે. બટાકાની છાલ બાહ્ય ઔષધિ તરીકે પણ ખૂબ ઉપયોગી છે. તેને પાણીમાં ઘસીને મોં પર લેપ કરવાથી ચહેરા પરની રૂક્ષતા, કરચલીઓ અને ઝાંખપ દૂર થાય છે અને ત્વચા સ્નિગ્ધ, ચમકદાર અને કાંતિયુક્ત બને છે. બટાકાની છાલ દાઝવાનાં કેસમાં પણ ખૂબ ઉપયોગી જોવા મળે છે. બટેકાની છાલમાં જીવાણુનાશક શક્તિ નથી હોતી, પણ તે ઘા માંથી સતત નીકળતાં પાણી (ઉઝિંગ)ને રોકવાની ઉત્તમ શક્તિ ધરાવે છે. જેને લીધે પ્રોપર ડ્રેસિંગ પછી ઘા ઉપર ગોઝપીસ પૂર્વે બટાટાની છાલ મૂકવાથી ગોઝ કે પાટો ઘા સાથે ચોંટતા નથી અને દરેક ડ્રેસિંગ વખતે પટ્ટીને સરળતાથી ઉખાડી શકાય છે. બટાટાનાં આ ગુણનાં ચાહક અને પ્રશંસક વૈજ્ઞાનિકો તો બટાટાની છાલને સ્કિન ગ્રાફટિંગનાં એક સક્ષમ વિકલ્પ તરીકે જુએ છે.

BOLLYWOOD NEWS FLASH

**પરિણીતીએ સિમ્પલ પિંક કલરની સાડી પહેરી છે સાથે ગળામાં હેવી ડાયમંડ ચોકર નેકલેસ અને સેંથામાં સિંદૂર લગાવેલું છે**

# પરિણીતી રાઘવ ચઢ્ઢાનો લગ્ન પછીનો પહેલો ફોટો વાયરલ



। મુંબઈ, તા.૨૫ ।

પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢા સાત જન્મ માટે એકબીજાના બની ગયા છે. આ બંને સ્ટાર્સના લગ્નના ફોટો જોવાની આતુરતા લોકોમાં ઘણા દિવસોથી હતી. આ આતુરતાનો અંત હવે આવી ગયો છે. પરિણીતી અને રાઘવ ચઢ્ઢાના લગ્ન પછીનો પહેલો ફોટો સામે આવ્યો છે. આ ફોટોમાં બંને સ્ટાર્સ સુંદર દેખાય છે. ફોટામાં પરિણીતી ગુલાબી સાડીમાં સેંથામાં સિંદૂર સાથે જોવા મળી રહી છે.

પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢાએ તેમના લગ્ન પછી ઉદયપુરમાં જ પહેલા રિસેપ્શનનું આયોજન કર્યું હતું. આ રિસેપ્શનનો પહેલો ફોટો સામે આવ્યો છે જેમાં પરિણીતીએ સિમ્પલ પિંક કલરની સાડી પહેરી છે સાથે જ ગળામાં હેવી ડાયમંડ ચોકર નેકલેસ અને સેંથામાં સિંદૂર લગાવેલું છે. આ સિવાય તેના હાથ પર મહેંદી લગાવેલી જોવા મળે છે. આ તસવીરમાં અભિનેત્રીની સગાઈની રીંગ પણ જોવા મળે છે. ફોટોમાં રાઘવ ચઢ્ઢાએ બ્લેક કોટ અને પેન્ટ સાથે સફેદ શર્ટ પહેર્યુ છે. આ ફોટોમાં બંને કોઝી પોઝ આપતા જોવા મળ્યા હતા.

પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢાએ હજુ સુધી લગ્નની વિધિ કે લગ્નનો કોઈ જ ફોટો શેર કર્યો નથી. પરંતુ પરિણીતી અને રાઘવની રિસેપ્શન પાર્ટીનો ફોટો સામે આવ્યો છે જે વાયરલ થઈ રહ્યો છે. રિપોર્ટ્સ અનુસાર પરિણીતી ૨૫ સપ્ટેમ્બરે રાઘવ સાથે દિલ્હી તેના સાસરે જશે. આ સિવાય રાઘવ ચઢ્ઢાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો લગ્ન પહેલાનો છે જેમાં રાઘવ ચઢ્ઢા ક્રીમ કલરની શેરવામાં જોવા મળે છે. વીડિયોમાં તેની આસપાસ ઘણા મહેમાનો જોવા મળી રહ્યા છે.

# ૧૮ દિવસ બાદ પણ બોક્સ ઓફિસ પર Jawanની ધમાલ

**ઘરેલુ બોક્સ ઓફિસ પર કમાણીના મામલે શાહરૂખ ખાને જવાન દ્વારા પોતાની જ ફિલ્મ પઠાણને માત આપી**

। મુંબઈ, તા.૨૫ ।

રિલીઝ થયાના દરેક દિવસ સાથે શાહરૂખ ખાનની ફિલ્મ જવાન એક પછી એક ઘણા રેકોર્ડ તોડી રહી છે. પ્રથમ દિવસે ભારતીય બોક્સ ઓફિસ પર ૭૫ કરોડ રૂપિયાની ઓપનિંગ સાથે, આ ફિલ્મે કમાણીના મામલામાં અજાયબીઓ કરી હતી. આ ફિલ્મ ૭ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં



રિલીઝ થઈ હતી. એટલે કે આ ફિલ્મ ૧૮ દિવસથી સિનેમાઘરોમાં ધમાલ મચાવી રહી છે. આવો તમને જણાવીએ કે ૧૮માં દિવસે ફિલ્મનું પ્રદર્શન કેવું રહ્યું. પ્રારંભિક અહેવાલ મુજબ, જવાને ત્રીજા રવિવારે અંદાજે ૧૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે, જેમાં ભારતમાં રિલીઝ થયેલી તમામ ભાષાઓનો સમાવેશ થાય છે. આ આંકડા ફિલ્મની છેલ્લા કેટલાક દિવસોની કમાણી કરતા વધુ છે. અગાઉ ૧૭માં દિવસે જવાને ૧૨.૨૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું, જ્યારે ૧૬માં દિવસે તેણે ૭.૬ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યુ હતુ. જો ત્રીજા રવિવારની અંદાજિત કમાણીનો સમાવેશ કરવામાં આવે તો ભારતીય બોક્સ ઓફિસ પર ૧૮ દિવસમાં ફિલ્મની કુલ કમાણી ૫૬૦.૮૩ કરોડ રૂપિયા છે. આ ફિલ્મ જે રીતે આગળ વધી રહી છે તે જોતા લાગે છે કે ટૂંક સમયમાં આ ફિલ્મ પણ ૬૦૦ કરોડના ક્લબમાં સામેલ થઈ જશે. તમને જણાવી દઈએ કે ,ઘરેલુ બોક્સ ઓફિસ પર કમાણીના મામલે શાહરૂખ ખાને જવાન દ્વારા પોતાની જ ફિલ્મ પઠાણને માત આપી છે. પઠાણે ભારતીય બોક્સ ઓફિસ પર કુલ રૂ. ૫૪૩.૦૫ કરોડની કમાણી કરી હતી. જોકે, ૧૭માં દિવસે જ જવાને આ આંકડો પાર કર્યો હતો. જોકે, જવાન તેને ખૂબ પસંદ કરી રહ્યા છે. આ ફિલ્મમાં શાહરૂખ ઘણા અલગ-અલગ લુકમાં જોવા મળ્યો છે. આ ફિલ્મમાં તેની સાથે સાઉથ સિનેમાની લોકપ્રિય અભિનેત્રી નયનતારા જોવા મળી રહી છે. કિંગ ખાન આ ફિલ્મમાં ૨ રોલમાં જોવા મળ્યો છે. ફિલ્મમાં તેમનું નામ વિક્રમ છે. મીડિયા રિપોર્ટસ, અનુસાર શાહરુખ ખાનને આ ફિલ્મ માટે ૧૦૦ કરોડ રુપિયા માંગ્યા હતા. શાહરુખ ખાનને આ ફિલ્મની કમાણીના ૬૦ ટકા શેર પણ મળશે.

**હાનિયા આમિરખાન અને શાહરૂખખાનની ફેન છે**

# હાનિયા આમિરે શાહરુખની "જવાન"ના ગીત પર ડાન્સ કર્યો

। મુંબઈ, તા.૨૫ ।

પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિરે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો શેર કર્યો છે. લોકપ્રિય વીડિયોમાં હાનિયા તેના મિત્રો સાથે શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન'ના ગીત પર ડાન્સ કરતી જોવા મળે છે. હાનિયાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે. વાસ્તવમાં, હાનિયાએ શનિવારે તેના નાઈટ આઉટનો વીડિયો શેર કર્યો હતો, જેમાં તે તેના મિત્રો સાથે એન્જોય કરતી જોવા મળી હતી. હાનિયાની પાર્ટીની એક તસવીર શેર કરી, જેમાં તેના મિત્રો સિંગર યશલ શાહિદ, આસીર વજાહત, નાયલ વજાહત અને અન્ય ઘણા લોકો પણ તેની સાથે જોવા મળી રહ્યા છે. આ સિવાય અભિનેત્રીએ એક વીડિયો પણ પોસ્ટ કર્યો છે, જેમાં તે તેના મિત્રો સાથે શાહરૂખ ખાનની ફિલ્મ જવાનના ગીત ચલેયા પર ડાન્સ કરી રહી છે. વીડિયોમાં તેની સાથે તેના મિત્રો પણ જોવા મળી રહ્યા છે. આ દરમિયાન હાનિયાએ સફેદ ટોપ અને પિંક પાયજામા પહેર્યો છે. હાનિયા આમિરનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે.



# સીએમ એકનાથ શિંદેના ઘરે પહોંચ્યા 'કરણ-અર્જુન'

। મુંબઈ, તા.૨૫ ।

ગણપતિ બાપ્પાની સ્થાપના મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેના ઘરે કરવામાં આવી હતી અને આખું બોલિવૂડ તેમના દર્શન માટે એકત્ર થયું હતું. એકનાથ શિંદેના ઘરે બોલિવૂડથી લઈને ટીવી સુધીની જાણીતી હસ્તીઓનો મેળાવડો હતો. પરંતુ જ્યારે શાહરૂખ ખાન અને સલમાન ખાન આવ્યા ત્યારે બધાના ચહેરા ચમકી ઉઠ્યા. સલમાન અને શાહરૂખે માત્ર એકનાથ શિંદે સાથેની તસવીરો માટે જ પોઝ આપ્યાં નહીં પરંતુ એકબીજાને ગળે લગાવીને પ્રેમની વર્ષા પણ કરી. બાદમાં શાહરૂખ અને સલમાને ગણપતિ બાપ્પાના દર્શન કર્યા હતા અને તેમની આરતી કરી હતી.

સોશિયલ મીડિયા પર સલમાન ખાન અને શાહરૂખ ખાનની તસવીરો અને વીડિયો સામે આવ્યા છે, જેણે હલચલ મચાવી દીધી છે. શાહરૂખ અને સલમાન વચ્ચેની મિત્રતા જોઈને ફેન્સ પાગલ થઈ ગયા છે. જ્યારે સલમાન મરૂન કુર્તા અને કાળા પાયજામામાં જોવા મળ્યો હતો, જ્યારે શાહરૂખે વાદળી કુર્તા અને પઠાણી સલવાર પહેરી હતી. સલમાન અને શાહરૂખ ખાનની આ સ્ટાઈલે ચાહકોનું દિલ જીતી લીધું છે અને તેઓ તેમના સંસ્કાર અને ઉછેરની પ્રશંસા કરી રહ્યા છે. ચાહકો કહે છે કે, આજના સમયમાં દેશને આવી એકતાની જરૂર છે. એક ચાહકે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું છે કે, 'આ ખાનના કારણે જ આજે બોલિવૂડ જીવંત છે.' અન્ય એક ચાહકે લખ્યું- મેરે કરણ અર્જુન સાથે. પ્રોફેશનલ ફ્રન્ટની વાત કરીએ તો શાહરૂખ અને સલમાન ખાન 'ટાઈગર વર્સિસ પઠાણ'માં સાથે જોવા મળશે, જેનું શૂટિંગ માર્ચ ૨૦૨૪થી શરૂ થશે. આ પહેલા શાહરૂખ સલમાનની ફિલ્મ 'ટાઈગર ૩'માં કેમિયો કરતો જોવા મળશે.

**નૂપુર શર્માએ ડિરેક્ટર વિવેક અગ્નિહોત્રીની આગામી ફિલ્મ 'ધ વેક્સિન વોર'ની પ્રમોશન ઇવેન્ટમાં હાજરી આપી હતી**

# નુપૂર શર્માએ ફિલ્મ ધ વેક્સિન વોરનું કર્યુ પ્રમોશન

। મુંબઈ, તા.૨૫ ।

મોહમ્મદ પયગંબર પર વિવાદીત ટિપ્પણીના કારણે ભાજપ માંથી સસ્પેન્ડ કરાયા બાદ પ્રથમવાર નુપૂર શર્મા જાહેર કાર્યક્રમમાં જોવા મળ્યા હતા. નૂપુર શર્માએ રવિવારે દિલ્હીમાં ડિરેક્ટર વિવેક અગ્નિહોત્રીની આગામી ફિલ્મ 'ધ વેક્સિન વોર'ની પ્રમોશન ઈવેન્ટમાં હાજરી આપી હતી. ઈવેન્ટ દરમિયાન નુપૂર શર્માએ ફિલ્મના કલાકારો અને નિર્માતાઓ સાથે જોવા મળ્યા હતા અને કાર્યક્રમમાં હાજર વેક્સિનના વૈજ્ઞાનિકોનો આભાર માનતા કહ્યું હતું કે હું તમારા બધાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવા માંગુ છું. તમારા પ્રયત્નોને કારણે જ આજે આપણે ભારતીયો જીવિત છીએ. તેમણે આમંત્રણ આપવા બદલ ફિલ્મના આયોજકોની પણ પ્રશંસા કરી અને કહ્યું કે હું ફક્ત એક જ વાત કહીશ - ભારત માતા કી જય!" તેમણે કહ્યું કે ભારત આ કરી શકે છે. નોંધનીય છે કે ૨૦૨૨માં એક ટીવી ડિબેટ



પર ચર્ચા દરમિયાન વિવાદીત ટિપ્પણી કર્યા બાદ નુપૂર શર્મા પ્રથમવાર જાહેરમાં જોવા મળ્યા હતા. તેમણે સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ પર છેલ્લે પાંચ જૂન ૨૦૨૨માં ટ્વિટ કરી હતી. તેમણે પોતાની વિવાદીત ટિપ્પણી પર સ્પષ્ટતા કરી હતી અને બિનશરતી પાછી ખેંચી હતી.

# ઝાલોદ નગરના નાના ફેરિયાઓ અને હાથલારી પર વ્યાપાર કરતા વ્યાપારી દબાણ હટાવ ઝુંબેશનો ભોગ બનતા વહીવટી તંત્રને ન્યાય માટે અરજી કરી

## ત્રણ ચાર દિવસથી પથારી કરતા નાના વ્યાપારીને વ્યાપાર કરવા ન મળતાં મહિલાઓ સહિત નાના દુકાનદારોએ તંત્ર પર રોષ ઠાલવ્યો

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ નગરમાં છેલ્લા ચાર દિવસથી ટ્રાફિક સમસ્યા હલ કરવાના આશયથી પોલિસ તંત્ર દ્વારા નગરપાલિકાને સાથે રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશનની ખુલ્લી જમીન પર વ્યાપારીઓ તેમજ દુકાનો પર મોટા પતરાના શેડ બનાવેલ વ્યાપારીઓના દબાણ દુર કરવામાં આવેલ હતા. ત્રણ ચાર દિવસથી નગરમાં હાથલારી કરી વ્યાપાર કરતા વ્યાપારીઓને વ્યાપાર કરવા ન મળતાં તેમની રોજગારી છીનવાઈ ગઈ હોય તેવું લાગતા સર્વ પથારા વાળા અને હાથલારી પર વ્યાપાર કરતા વ્યાપારીઓ આજ રોજ તારીખ ૨૫-૦૯-૨૦૨૩ ના રોજ તંત્ર પાસે રજૂઆત કરવા મોટા પ્રમાણમાં વ્યાપારી વર્ગના પુરુષો અને મહિલાઓ પહોંચી ગયેલ હતા.

નગરપાલિકા, પ્રાંત કચેરી, પોલિસ તંત્ર, દાહોદ પોલિસ અધિક્ષક અને દાહોદ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. નગરપાલિકા દ્વારા તમામ નાના વ્યાપારીઓ માટે સરકારી રાહે યોગ્ય રસ્તો કરશે તેવું કહ્યું હતું. ત્યારબાદ પ્રાંત કચેરી અને પોલિસ તંત્રને પણ આવેદનપત્ર આપી મૌખિક રજુઆત કરવામાં આવી હતી. પી.એસ.આઇ રાઠવા દ્વારા ટ્રાફિક નિયમનને નડતર નહીં થાય તે રીતે નગરપાલિકાના સૂચન પ્રમાણે કામગીરી કરશે તેવું ઉપસ્થિત સહુ વ્યાપારી લોકોને કહ્યું હતું.



ભાજપ શહેર પ્રમુખ દિનેશ પંચાલ અને ભાજપના ઉપસ્થિત કાર્યકર્તાઓને પણ આવેદનપત્ર આપતા તેઓએ તમામ નાના વ્યાપારીઓનું હિત જળવાય તે રીતે તંત્ર સાથે વાતચીત કરી રસ્તો કરવા આશ્વાસન આપ્યું હતું.

તમામ નાના ફેરિયાઓ તેમજ હાથલારી કરતા વ્યાપારીઓને વ્યાપાર કરવા ન મળતાં તંત્ર પર ફિટકાર વરસાવતા જોવા મળતા હતા તેમજ ખૂબ જ આક્રમક રીતે આ લડાઈ લડવા તૈયાર હોય તેમ લાગતું હતું. સરકાર ગરીબ, નાના પથારા વાળાને, હાથલારી પર વ્યાપાર કરતા લોકોને લોન આપે છે અને રોજગારી વધારવા પ્રયત્ન કરે છે જ્યારે ઝાલોદ નગરનું વહીવટી તંત્ર રોજ કમાતા નાના વ્યાપારીઓની રોજગારી છીનવી રહી છે તો આવા ભોગ બનેલ વ્યાપારીઓના રોજના ખર્ચ, લોનના હપ્તા કેવી રીતે ભરશે તેવા આક્ષેપો સાથે નગરના વહીવટી તંત્રને આવેદનપત્ર આપી નાના વ્યાપારીઓનું હિત સચવાય તેવી માંગણી કરવામાં આવેલ હતી.

# વડોદરા જિલ્લાના ગામોમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત શ્રમદાન થકી સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો




। વડોદરા, તા.૨૫ ।

વડોદરા જિલ્લાના તાલુકાનાં ગામોમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખા દ્વારા જિલ્લાના વિવિધ ગામડાઓમાં સખી મંડળની બહેનો/ગ્રામજનો/મહાનુભાવો વગેરે દ્વારા સ્વચ્છતા હી સેવા ૨૦૨૩ અંતર્ગત શ્રમદાન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૫ સપ્ટેમ્બર થી ૧૫ ઓક્ટોબર સુધી ચાલનાર સ્વચ્છતા હી સેવા ૨૦૨૩ અંતર્ગત વડોદરા જિલ્લાના તાલુકાનાં ગામોમાં સ્વચ્છતાના વિવિધ કાર્યક્રમો યોજાયા જેમાં ઉકરડાઓનો નિકાલ, જાહેર માર્ગો અને રસ્તાઓની સફાઈ, જાહેર અસ્કયામતોની સફાઈ, શાળા આંગણવાડીની સફાઈ, તેમજ પ્લાસ્ટિકના કચરાનો નિકાલ વિગેરે જેવી સ્વચ્છતા લગતી પ્રવૃત્તિઓ કરવામાં આવી. ઉપરાંત શાળા અને આંગણવાડી સેન્ટર અને ગામ ફળિયાઓમા સ્વચ્છતાને લગતી અક્ટિવિટી જેમકે સ્વચ્છતા રેલી પ્રભાતફેરી, ફળિયા મિટિંગ, વગેરે કાર્યક્રમો કરી ગામડાઓને કચરા મુક્ત બનાવવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા.

# છોટાઉદેપુર જિલ્લાના કવાંટના ૨૫ ગામોમાં ભૂતકાળ બનશે પીવાના પાણીની સમસ્યા

। વડોદરા, તા.૨૫ ।

છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં એક દિવસીય પ્રવાસે આવનાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કવાંટના લોકોને પણ વિકાસની ભેટ આપશે. તા. ૨૭મી સપ્ટેમ્બરે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કવાંટ જૂથ યોજના તથા સંલગ્ન ફળિયા કનેક્ટીવીટીનું ખાતમુહૂર્ત થશે. જેનાથી કવાંટના ૨૫ ગામોના લોકોને પીવાના પાણીની સમસ્યાથી કાયમી છુટકારો મળશે. છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના કુલ ૨૫ ગામોમાં બિન પીવાલાયક અને અપૂરતા ભુગર્ભ જળને કારણે ઉભી થયેલી પીવાના પાણીની મુશ્કેલીને દૂર કરવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે રૂ.૭૯.૫૨ કરોડની નર્મદા રીવર બેઝીન આધારિત ડી.ડી. એસ.એ બલ્ક પાઈપ લાઈન ટેંપીંગ મારફતે કવાંટ જૂથ પાણી પુરવઠા તથા સંલગ્ન ફળિયા કનેક્ટીવીટીની યોજના તૈયાર કરી છે. જેનાથી આ તાલુકાના ડુંગરાળ વિસ્તારના કુલ ૨૫ ગામોની અંદાજીત ૪૧ હજાર લોકોની વસ્તીનું પીવાના પાણીની મુશ્કેલીનું કાયમી ધોરણે નિરાકરણ આવશે.

# જય માઁ વાઘેશ્વરી યુવક મંડળ ચમારિયાના ભક્તોએ મોટા અંબાજીમાં બાવન ગજની ધજા ફરકાવીને ધન્યતા અનુભવી



। ઝાલોદ, તા.૨૫ ।

સંજેલી તાલુકામાં આવેલ ચમારિયાના ભક્તો દર વર્ષે ભાદરવા પૂનમ નિમિત્તે પગપાળા યાત્રાસંઘ અંબાજી માના ચરણોમાં શીશ ઝુકાવતાં હોય છે ત્યારે જય વાઘેશ્વરી યુવક મંડળ યાત્રાસંઘ તારીખ ૨૦ મી પગપાળા રથ અને બાવન ગજની ધજા સાથે બોલ મારી અંબે જય જય અંબેના જયઘોષથી નીકળ્યા હતા. અંદાજે ૩૨૦ કિમીનું અંતર કાપીને અંબાજી ખાતે બાવન ગજની ધજા ચડાવીને ધન્યતા અનુભવી હતી. તમામ અંદાજે સો જેટલા ભક્તોએ માં જગદંબાના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું અને ધન્યતા અનુભવી હતી.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલકે માં અંબાના ચરણોમાં શીશ ઝુકાવ્યું

। ઝાલોદ, તા.૨૫ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગના દ્વારા નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે સાથે સાથે અનાથ અપંગ અને અતિગરીબ વિદ્યાર્થીને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપ કુમાર મકવાણાએ ભાદરવા મેળા નિમિતે પોતાના વતનથી ચાલતા જઈને માં જગદંબાના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું અને આશીર્વાદ મેળવ્યા હતા. પોતાના તાલીમ વર્ગના બાળકો સારામાં સારા માર્કસ સાથે ઉતીર્ણ થાય એવી માં જગદંબાને ચરણોમાં પ્રાર્થના કરી હતી.



# ઝાલોદ ભાજપ પરિવાર દ્વારા પંડિત દીનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિની ઉજવણી કરાઈ



। ઝાલોદ, તા.૨૫ ।

તારીખ ૨૫-૦૯-૨૦૨૩ ના રોજ પંડિત દિનદયાલ ઉપાધ્યાયજીની જન્મ જયંતીની ઉજવણી જય ઝલાઈ મા શકિત કેન્દ્ર ઝાલોદ ખાતે કરવામા આવેલ હતી.જેમા તેમને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના જીવન ચરિત્રનુ વાંચન કરવામા આવેલ હતુ આ પ્રસંગે ઝાલોદ ભાજપ પરિવારના સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

# ખેડા જિલ્લાના તમામ તાલુકાઓમાં સખી મંડળની બહેનો દ્વારા "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી

। નડિયાદ, તા.૨૫ ।

"સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત ખેડા જિલ્લામાં તમામ તાલુકાઓમાં સખી મંડળની બહેનો દ્વારા ગામના જાહેર સ્થળો જેવા કે ધાર્મિક સ્થળો, જાહેર રસ્તાઓ, આરોગ્ય કેન્દ્ર, પર્યટન સ્થળો, શાળાઓ વગેરે જગ્યાએ સ્વૈચ્છિક મહાશ્રમદાન કરવામાં આવ્યું. સખીમંડળની બહેનો દ્વારા ખેડા જિલ્લાના ૧૦ તાલુકાના ૫૩૯ ગામોમાં કુલ ૧૦૭૮૦ બહેનો એ શ્રમદાન કર્યું, ૧૩૪૭૫ બહેનોએ સ્વચ્છતા રેલીમાં ભાગ લીધો અને ૧૦૭૮ બહેનોએ મહોલ્લા બેઠક યોજી કચરો અલગ કરવાની સમજણ આપી હતી.

# આણંદ જિલ્લા કલેક્ટરનો પદભાર સંભાળતાં પ્રવીણ ચૌધરી

મનીષ પ્રજાપતિ

। આણંદ, તા.૨૫ ।



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવતા વર્ષ ૨૦૧૪ ની બેચના આઈ.એ.એસ. શ્રી પ્રવીણ ચૌધરીની આણંદ જિલ્લા કલેક્ટર તરીકે બદલી થતાં તેમણે જિલ્લા કલેક્ટર તરીકેનો પદભાર સંભાળ્યો છે.

મૂળ રાજસ્થાનના નાગૌર જિલ્લાના ડિડવાણા ગામના વતની શ્રી પ્રવીણ ચૌધરીએ વર્ષ ૨૦૧૦-૧૨માં આઈ.આઈ.ટી. મદ્રાસ ખાતે એરોસ્પેસ એન્જિનિયરિંગમાં એમ. ટેક. નો અભ્યાસ પૂર્ણ કરી વર્ષ ૨૦૧૪ ની સંઘ લોક સેવા આયોગની પરીક્ષા પાસ કરીને સરકારી સેવામાં જોડાયા હતા.

સરકારી સેવામાં જોડાયા બાદ તેમણે સૌપ્રથમ નડિયાદ અને છોટાઉદેપુરમાં મદદનીશ કલેક્ટર તરીકે અને ત્યારબાદ જિલ્લા વિકાસ અધિકારી તરીકે જૂનાગઢમાં સેવા આપી છે. તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે નોંધપાત્ર કામગીરી કરી છે.

ઉલ્લેખનીય છે કે, શ્રી પ્રવીણ ચૌધરીના બંને બહેનો પણ સરકારી સેવામાં કાર્યરત છે. તેમના એક બહેન વિધિ ચૌધરી વર્ષ ૨૦૦૯ ની બેચના આઈ.પી.એસ. છે જેઓ હાલ એડિશનલ કમિશનર ઓફ પોલીસ તરીકે રાજકોટમાં ફરજ બજાવી રહ્યા છે જ્યારે બીજા બહેન નિધિ ચૌધરી વર્ષ ૨૦૧૨ ની બેચના આઈ.એ.એસ. છે જેઓ મહારાષ્ટ્રમાં જોઈન્ટ કમિશનર જી.એસ.ટી. તરીકે ફરજ બજાવી રહ્યા છે.

# ગણેશ વિસર્જન અને ઈદે મિલાદ એક જ દિવસે હોવાથી ભરૂચના મુસ્લિમો બીજા દિવસે જુલુસ કાઢશે

## શહેરમા ભાઈચારો અને શાંતિ જળવાય એ હેતુથી મુસ્લિમ અગ્રણીઓએ લીધો નિર્ણય

। મલેક યસદાની ભરૂચ, તા.૨૫ ।

આ વર્ષે ગણેશ વિસર્જન અને ઈદે મિલાદ ૨૮મી સપ્ટેમ્બરે એક જ દિવસે હોવાથી મુસ્લિમ સમાજ દ્વારા બીજા દિવસે એટલે કે ૨૯મી સપ્ટેમ્બરે જુલુસ કાઢવાનો નિર્ણય લીધો છે.

પયગંબર સાહેબના જન્મ દિવસ એટલે કે ઈસ્લામી કેલંડર મુજબ ૧૨ રબિયુલ અવ્વલના પવિત્ર દિવસે મુસ્લિમો દ્વારા ઈદે મિલાદ ઉજવવામા આવે છે જેમાં મુસ્લિમો સવારે ઈબાદત કરી બાલ મુબારકના દર્શન, કુરાનખ્વાની અને નીયાજનું આયોજન કરે છે ત્યાર બાદ નાત ખ્વાની અને સલાતો સલામ સાથે પોત પોતાના વિસ્તારોમા જુલુસ કાઢે છે આ વર્ષે ૧૨ રબિયુલ અવ્વલ ૨૮મીએ આવે છે જ્યારે ગણેશ વિસર્જન પણ ૨૮મીએ એટલે કે એક જ દિવસે આવતો હોવાથી શહેરમા કોમી એકતા,ભાઈચારો અને કાનૂન વ્યવસ્થા જળવાઈ રહે એ હેતુથી ભરૂચ શહેર કમિટીના પ્રમુખ મૌલાના મોહંમદ હનીફ રફાકતી, કમિટીના સભ્ય અબ્દુલ ભાઈ કામઠી તેમ જ કમિટીના અન્ય સભ્યો દ્વારા માનવતાના ધોરણે મોટુ મન રાખી બીજા દિવસે એટલે કે ૨૯મી સપ્ટેમ્બર શુક્રવારે સવારે નવ કલાકે જુલુસ કાઢવાનો નિર્ણય લીધો હતો.

# વડોદરામાં ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ કમિટી (દિશા)ની બેઠક મળી

## પૂરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા વહીવટી તંત્રની ઉમદા કામગીરીની સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે પ્રશંસા કરી અભિનંદન પાઠવ્યા



। વડોદરા, તા.૨૫ ।

વડોદરા ખાતે કલેક્ટર કચેરીના ધારાસભા હોલમાં ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ કમિટી (દિશા)ની બેઠક સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે કેન્દ્ર પુરસ્કૃત વિવિધ જનકલ્યાણની યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરી હતી. સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે સૌપ્રથમ પૂરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા વહીવટી તંત્રએ કરેલી સુપેરે કામગીરીની પ્રશંસા કરી કલેક્ટરશ્રી અતુલ ગોર સહિત સમગ્ર જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા. આવી વિપદામાં પણ માનવજીવનને નુકસાન ન પહોંચ્યું તેવી અસરકારક વ્યવસ્થાથી તેઓ અભિભૂત થયા હતા. કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણની યોજનાઓના લાભો સમાજના છેવાડાના માનવી સુધી સુપેરે પહોંચાડવા તેમજ 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના ધ્યેયથી ૧૦૦ ટકા યોજનાના લાભો આપીને વિકાસને સેચ્યુરેશન પોઈન્ટ સુધી લઈ જવા માટે અમલીકરણ અધિકારીઓને અનુરોધ કર્યો હતો. તેમણે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના કામો ગુણવત્તાયુક્ત રીતે સમયમર્યાદામાં પૂર્ણ કરવા અધિકારીઓને જણાવી અધિકારીઓની માનવીય અભિગમ સાથેની કામગીરીની પણ પ્રશંસા કરી હતી. સાંસદશ્રીએ સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીની કેન્દ્ર પુરસ્કૃત મનરેગા, દીન દયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ/શહેર) સ્વચ્છ ભારત મિશન ( ગ્રામીણ, શહેર) પ્રધાનમંત્રી અર્બન યોજના, અમૃત યોજના, સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ યોજના, નગરપાલિકાઓ, લીડ બેંક, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વિવિધ યોજનાઓ, નેશનલ હેલ્થ મિશન, સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ, સમગ્ર શિક્ષા અભિયાન, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, નેશનલ રૂરલ ડ્રીંકિંગ વોટર કાર્યક્રમ, એમજીવીસીએલ, નેશનલ હાઈવે, પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના સહિત સાંસદ આદર્શ ગામ યોજનાના કામોની નાણાંકીય અને ભોતિક પ્રગતિની યોજાનાર વિસ્તૃત સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. તમારું મનપસંદ સંગીત સાંભળવું એ તમને ચાના કપ કરતા વધારે તાજું અનુભવી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે- બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. આજે તમે જે કાર્ય પૂર્ણ કરી શકશો તે ટાળો નહીં, તો તે તમારા માટે સારું રહેશે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા જીવનસાથી આજે અનાયાસે જ કશુંક અદભુત કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**મકર (ખ,જ) :**

આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. પ્રેમ જીવન આશા લાવશે. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપશો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે, એ સિવાય નિસ્તેજ અને ધીમો દિવસ. તમે તમારા વ્યક્તિત્વ ને નિખારવા માટે થોડો સમય પસાર કરી શકો છો, કારણ કે સ્વ-નિર્માણ માં આકર્ષક વ્યક્તિત્વ નો મહત્વપૂર્ણ ફાળો છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જાહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. કોઈ નજીકના મિત્રોથી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.

# બિહાર, ઝારખંડ, ઉપ હિમાલયથી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અસમ અને મેઘાલયમાં ભારે વરસાદ પડવાનું અનુમાન

## પૂર્વ ભારતમાં આવનારા દિવસોમાં મોનસૂન પૂર્વાનુમાનમાં ગાજવીજ અને વીજળી સાથે હળવાથી ભારે વરસાદની આગાહી

। નવી દિલ્હી, તા.૨૫ ।

દેશભરના અનેક રાજ્યોમાં ચોમાસું ફરી એકવાર એક્ટિવ થઈ ગયું છે. કેટલાક રાજ્યોમાં ભારે વરસાદે ખુબ તબાહી પણ મચાવી છે. જેના કારણે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ બધા વચ્ચે હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં વરસાદને લઈને પૂર્વાનુમાન જાહેર કર્યું છે. જણાવ્યું છે કે અલગ અલગ સ્થળો પર ભારે વરસાદની શક્યતા છે. આ સાથે જ હવામાન ખાતાએ દિલ્હીમાં આંશિક રીતે વાદળો છવાયેલા રહેવાનું પણ અનુમાન વ્યક્ત કર્યું છે. ગુજરાત માટે શું આગાહી કરી છે તે પણ ખાસ જાણો. હવામાન વિભાગ (IMD) એ જણાવ્યું છે કે આગામી ૨૪ કલાક દરમિયાન બિહાર, ઝારખંડ, ઉપ હિમાલયથી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અસમ અને મેઘાલયમાં ભારે વરસાદ પડવાનું અનુમાન છે. આઈએમડીએ પોતાના બુલેટિનમાં પૂર્વ ભારતમાં આવનારા દિવસોમાં મોનસૂન પૂર્વાનુમાનમાં ગાજવીજ અને વીજળી સાથે હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. આ સાથે જ હવામાન ખાતાએ બિહારમાં અલગ અલગ સ્થળો પર ભારે વરસાદની શક્યતા વ્યકત કરી છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદની આગાહી છે. હરિયાણા અને પંજાબમાં કેટલેક ઠેકાણે ભારે વરસાદની આગાહી કરાઈ છે. એક નહિ, બે મજબૂત વરસાદી સિસ્ટમ સર્જાઈ છે. જેને કારણે ગુજરાતમા ફરી એકવાર ધોધમાર વરસાદનો રાઉન્ડ આવશે. વરસાદને લઈને હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી પણ આવી ગઈ છે. તેમણે કહ્યું કે, ૨૯ સપ્ટેબરથી મહારાષ્ટ્રના ભાગોમાં એક સિસ્ટમ બનવાની સંભાવના છે. આ સિસ્ટમ ૨૯ અને ૩૦ તારીખે વધુ મજબુત બનશે. જેનાથી સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ વરસાવી શકે છે. તો દરિયા કિનારા ભાગોમાં ૬૦થી ૬૫ કિમીની ઝડપે પવન ફુંકાઈ શકે છે. ૨૫ સપ્ટેમ્બરે સાબરકાંઠા અને બનાસકાંઠા વિસ્તારમાં ભારે વરસાદની આગાહી છે. જ્યારે ગુજરાત રિઝિયનમાં થન્ડર સ્ટોમ એક્ટિવિટી થશે, જેના કારણે ગાજવીજ અને ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

૨૬ સપ્ટેમ્બરે નર્મદા અને તાપીમાં ભારે વરસાદની આગાહી છે. જ્યારે રિઝિયનમાં થન્ડર સ્ટોમ એક્ટિવિટી થશે. જેના કારણે ગાજવીજ અને ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. જ્યારે અન્ય જગ્યાએ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૬ સપ્ટેમ્બરે નર્મદા અને તાપીમાં ભારે વરસાદની આગાહી છે. જ્યારે રિઝિયનમાં થન્ડર સ્ટોમ એક્ટિવિટી થશે. જેના કારણે ગાજવીજ અને ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. જ્યારે અન્ય જગ્યાએ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૮ સપ્ટેમ્બરે ડાંગ અને વલસાડમાં ભારે વરસાદની આગાહી છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં મોટાભાગના જિલ્લામાં થન્ડર સ્ટોમ એક્ટિવિટી થશે. સાથે જ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે. અમદાવાદ, પંચમહાલ અને દાહોદમાં પણ ૪૦ કિલોમીટરની ઝડપે પવન સાથે સામાન્યથી મધ્યમ વરસાદની શક્યતા છે.

### ન્યૂઝ બ્રિફ

## એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભારતે જીત્યો પહેલો ગોલ્ડ



। હોંગઝોઉ, તા.૨૫ ।

ચીનના હોંગઝોઉમાં યોજાયેલા ૧૯મા એશિયન ગેમ્સનો આજે બીજો દિવસ છે. આજે ભારતીય ખેલાડીઓ રોઈંગ, ટેનિસ, ક્રિકેટ, બોક્સિંગ, સ્વિમિંગ, શુટિંગ જેવા ખેલોમાં પડકારો ઝેલી રહ્યા છે. ભારત માટે આજનો દિવસ સુવર્ણ જોવા મળી રહ્યો છે. કારણ કે આજે ૧૯મી એશિયન ગેમ્સમાં ભારતને પહેલો ગોલ્ડ મેડલ મળ્યો છે.

૧૯માં એશિયન ગેમ્સમાં ભારતને આજે પહેલો ગોલ્ડ મળ્યો છે. પુરુષોની ૧૯ મીટર એર રાઈફલ સ્પર્ધામાં એશ્વર્ય પ્રતાપ સિંહ તોમર, રુદ્રાંક્ષ પાટિલ અને દિવ્યાંશ પવારની ત્રિપુટીએ આ ગોલ્ડ મેડલ ભારતને નામે કર્યો. આ ત્રિપુટીએ ૧૮૯૩.૭ અંક મેળવ્યા અને ટોપ પર રહી.

ભારતને ત્યારબાદ વધુ એક મેડલ મળ્યો. રોઈંગની મેન્સ-૪ સ્પર્ધામાં જસવિંદર, આશીષ, પુનિત અને આશીષે બ્રોન્ઝ જીત્યો. રોઈંગમાં ભારતના બલરાજ પંવાર મેડલથી ચૂકી ગયા. મેન્સ સિંગલ્સમાં સ્કલ્સ ફાઈનલમાં બલરાજ ચોથા નંબર પર રહ્યા. ચીનને આ ઈવેન્ટમાં ગોલ્ડ, જાપાનને સિલ્વર, અને હોંગકોંગે બ્રોન્ઝ મેડલ જીત્યો.

ભારતે ૧૯મી એશિયન ગેમ્સમાં પહેલા દિવસે ૫ મેડલ મેળવ્યા હતા. જેમાં મેહુલી ઘોષ, આશી ચોક્સે, અને રમિતા જિંદાલે ૧૦ મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટ (શુટિંગ)માં સિલ્વર મેડલ, અર્જૂન લાલ જાટ અને અરવિંદ સિંહે મેન્સ લાઈટવેટ ડબલ સ્કલ્સ (રોઈંગ)માં સિલ્વર, બાબુલાલ અને લેખ રામે મેન્સ કોક્સલેસ ડબલ્સ (રોઈંગ)માં બ્રોન્ઝ, મેન્સ કોક્સ્ડ ૮ ટીમ (રોઈંગ)માં સિલ્વર, રમિતા જિંદાલે વુમન્સ ૧૦ મીટર એર રાઈફલ (શુટિંગ)માં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

ચીનના હોંગઝોઉમાં આ એશિયન ગેમ્સમાં ભારતે કુલ ૬૫૫ ખેલાડીઓને ભાગ લેવા મોકલ્યા છે. આ એશિયન ખેલોમાં દેશનું અત્યાર સુધીનું સૌથી મોટું દળ છે. ભારતીય ખેલાડીઓ કુલ ૪૦ સ્પર્ધાઓમાં પડકાર ફેંકી રહ્યા છે. ભારતની મહિલા અને પુરુષ ક્રિકેટ ટીમો પણ આ વખતે ગેમ્સમાં ભાગ લઈ રહી છે. અત્રે જણાવવાનું કે મહિલા ક્રિકેટ ટીમનું નેતૃત્વ સ્મૃતિ મંદાના કરી રહી છે. જેણે ફાઈનલની ટિકિટ મેળવી લીધી છે. જ્યારે પુરુષ ટીમનું નેતૃત્વ ઋતુરાજ ગાયકવાડ પાસે છે.

# બીજી વનડેમાં કાંગારૂને ૯૯ રને હરાવીને ભારતે સિરીઝ જીતી

। ઈન્દોર, તા.૨૫ ।



ભારતીય ટીમે વિશ્વકપ પહેલા ધમાકો મચાવી દીધો છે. એશિયા કપ કબજે કર્યા બાદ ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયાને બીજી વનડેમાં પરાજય આપી ત્રણ મેચની સિરીઝમાં ૨-૦ની લીડ મેળવી લીધી છે. ઈન્દોરમાં રમાયેલી બીજી વનડેમાં ભારતનો ડકવર્થ લુઈસ નિયમ પ્રમાણે ૯૯ રને વિજય થયો હતો. ભારતે પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૫ વિકેટે ૩૯૯ રન ફટકાર્યા હતા. પરંતુ ઓસ્ટ્રેલિયાની ઈનિંગમાં વરસાદ પડ્યો હતો. ત્યારબાદ મહેમાન ટીમને ૩૩ ઓવરમાં ૩૧૭ રનનો રિવાઈઝ ટાર્ગેટ મળ્યો હતો. ઓસ્ટ્રેલિયન ટીમ ૨૮.૨ ઓવરમાં ૨૧૭ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. આ જીત સાથે ભારતીય ટીમ વિશ્વકપમાં નંબર-૧ ટીમ તરીકે ઉતરશે.

ઓસ્ટ્રેલિયાની ઈનિંગની ૯ ઓવર થઈ ત્યારે મેચમાં વરસાદ પડ્યો હતો. ત્યારબાદ ડ્લ્જી નો નિયમ લાગૂ પડ્યો હતો. ઓસ્ટ્રેલિયાને ૩૩ ઓવરમાં ૩૧૭ રનનો પહાડી લક્ષ્ય મળ્યો હતો. જેના જવાબમાં ઓસ્ટ્રેલિયન ટીમ ૨૮.૨ ઓવરમાં ૨૧૭ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી આર અશ્વિન અને જાડેજાએ ૩-૩ વિકેટ લીધી હતી. આ સિવાય પ્રસિદ્ધ કૃષ્ણાએ બે અને શમીએ એક સફળતા મેળવી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી ડેવિડ વોર્નરે ૫૩ રન ફટકાર્યા હતા. ઓપનર મેથ્યૂ શોર્ટ (૯) રન બનાવી પ્રસિદ્ધ કૃષ્ણાનો શિકાર બન્યો હતો. કેપ્ટન સ્ટીવ સ્મિથ શૂન્ય રન પર આઉટ થયો હતો. માર્નસ લાબુશેને ૨૭ રન ફટકાર્યા હતા. જોશ ઈંગ્લિશ ૬ રન બનાવી અશ્વિનનો શિકાર બન્યો હતો. વિકેટકીપર એલેક્સ કેરી માત્ર ૧૪ રન બનાવી આઉટ થયો હતો. કેમરૂન ગ્રીન ૧૯ રન બનાવી રનઆઉટ થયો હતો.

ઓસ્ટ્રેલિયન ટીમ એક સમયે મુશ્કેલીમાં હતી. પરંતુ સેન એબોટે ૩૬ બોલમાં ૫ સિક્સ અને ૪ ચોગ્ગા સાથે ૫૪ રન ફટકારી ટીમનો સ્કોર ૨૦૦ને પાર પહોંચાડ્યો હતો. જોશ હેઝલવુડે પણ ૨૩ રન ફટકાર્યા હતા. ભારતે ૧૬ રન પર પ્રથમ વિકેટ ગુમાવી દીધી હતી.

### ભારતના વળતા પ્રહારથી હવે કેનેડાના બદલાયા સૂર

# ભારત સાથેના સંબંધ અમારા માટે મહત્વપૂર્ણ છે : કેનેડાના રક્ષામંત્રી

### ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યા મુદ્દે ભારત અને કેનેડાના સંબંધમાં તણાવ વકરી રહ્યો છે

। નવી દિલ્હી, તા.૨૫ ।



ભારત સાથેના સંબંધોને 'મહત્વપૂર્ણ' ગણાવતા કેનેડાના રક્ષામંત્રી બિલ બ્લેયરે કહ્યું કે તેમનો દેશ ઈન્ડો-પેસેફિક રણનીતિ જેવી ભાગીદરીઓને આગળ વધારવાનું ચાલુ રાખશે. પરંતુ એક ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાની તપાસ ચાલુ રહેશે. ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યા મુદ્દે ભારત અને કેનેડાના સંબંધમાં તણાવ વકરી રહ્યો છે. સંબંધોમાં તનાતનીને લઈને કેનેડાના રક્ષામંત્રી બિલ બ્લેયરે મોટું નિવેદન આપતા ભારત સાથેના કેનેડાના સંબંધોને મહત્વપૂર્ણ ગણાવ્યા. તેમણે કહ્યું કે કેનેડા ખાલિસ્તાની સમર્થક આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યાની તપાસ વચ્ચે ભારત સાથે હિન્દ-પ્રશાંત રણનીતિ જેવી ભાગીદારીને આગળ વધારવાનું ચાલુ રાખશે. બ્લેયરે કહ્યું કે અમારી જવાબદારી છે કે અમે કાયદાનું પાલન કરીએ અને અમારા નાગરિકોની રક્ષા કરીએ અને આ સાથે જ એ સુનિશ્ચિત કરીએ કે અમે પૂરી તપાસ કરીએ અને સચ્ચાઈ સુધી પહોંચીએ. તેમણે કહ્યું કે જો આરોપ સાચા સાબિત થાય તો કેનેડાની ધરતી પર એક કેનેડિયન નાગરિકની હત્યા અમારા સાર્વભૌમત્વનો ભંગ હશે અને આ કેનેડા માટે મોટો ચિંતાનો વિષય રહેશે. બ્લેયરે કહ્યું કે ઈન્ડો પેસિફિક રણનીતિ હજુ પણ કેનેડા માટે મહત્વપૂર્ણ છે અને તેનાથી વિસ્તારમાં સૈન્ય ઉપસ્થિતિ વધી છે અને આગળની પેટ્રોલિંગ ક્ષમતાઓ માટે પ્રતિબદ્ધતાઓ વધી છે. આ રણનીતિ તે સૈન્ય પ્રાથમિકતાઓ માટે પાંચ વર્ષોમાં ૪૯૨.૯ મિલિયન ડોલરનું યોગદાન આપે છે જે આ વર્ષે લગભગ ૨.૩ બિલિયન ડોલર થઈ ચૂકી છે. અત્રે જણાવવાનું કે ૧૮ જૂનના રોજ ૪૫ વર્ષના ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની બ્રિટિશ કોલમ્બિયામાં ગોળી મારીને હત્યા કરી નાખવામાં આવી. કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ હાલમાં જ એક વિસ્ફોટક આરોપ લગાવતા કહ્યું કે નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટની સંભવિત સંડોવણી સામે આવી છે. ટ્રૂડોના આરોપ બાદ કેનેડા અને ભારત વચ્ચે સંબંધો વણસી ગયા છે.

### કાપ્યું ૬૪૩ કરોડ કિમીનું અંતર

# ખતરનાક વસ્તુનું સેમ્પલ લઇ આવ્યું NASAનું સ્પેસક્રાફ્ટ

। વોશિંગ્ટન, તા.૨૫ ।

અવકાશની અનંત ઊંડાણોમાંથી એસ્ટરોઈડના નમૂનાઓ વહન કરતી નાસાની પ્રથમ અવકાશ કેપ્સ્યુલ ૭ વર્ષની મુસાફરી પૂર્ણ કર્યા પછી રવિવારે (૨૪ સપ્ટેમ્બર ૨૦૨૩) ના રોજ ઉટાહના રણમાં ઉતરી હતી. **OSIRIS-REx** અવકાશયાન પૃથ્વીની નજીકથી પસાર થતાં ૬૩,૦૦૦ માઈલ (૧૦૦,૦૦૦ કિલોમીટર) ના અંતરેથી કેપ્સ્યુલ છોડ્યું. લગભગ ચાર કલાક પછી, કેપ્સ્યુલ પેરાશૂટ દ્વારા આર્મીના ઉટાહ ટેસ્ટ અને ટ્રેનિંગ રેન્જમાં ઉતરી. આ અવકાશયાન લગભગ ૬૪૩ કરોડ કિલોમીટરનું અંતર કાપીને પૃથ્વી પર પરત ફર્યું છે. વિજ્ઞાનીઓ બેનુ નામના કાર્બન-સમૃદ્ધ એસ્ટરોઈડમાંથી ઓછામાં ઓછો એક કપ કાટમાળ શોધવાની અપેક્ષા રાખે છે. જો કે જ્યાં સુધી કન્ટેનર ખોલવામાં ન આવે ત્યાં સુધી તેમાંથી મળી આવેલી સામગ્રી વિશે ચોક્કસ કહી શકાય નહીં. એસ્ટરોઈડના નમૂનાઓ પાછા લાવવા માટેનો એકમાત્ર દેશ જાપાન બે એસ્ટરોઈડ મિશનમાંથી માત્ર એક ચમચી કાટમાળ એકત્રિત કરી શક્યો. જોકે આ કેપ્સ્યુલમાં તે એસ્ટરોઈડની માટીનો નમૂનો છે, જે ૨૪ સપ્ટેમ્બર ૨૧૮૨ના રોજ એટલે કે ૧૫૯ વર્ષ પછી પૃથ્વી સાથે ટકરાઈ શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જો આ એસ્ટરોઈડ પૃથ્વી સાથે ટકરાશે તો તે ૨૨ પરમાણુ બોમ્બના વિસ્ફોટ જેટલી તબાહી સર્જશે. રવિવારે આવેલા એસ્ટરોઈડ સેમ્પલનો અભ્યાસ વૈજ્ઞાનિકોને વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે કે ૪.૫ અબજ વર્ષ પહેલાં આપણા સૌરમંડળની શરૂઆતમાં પૃથ્વી અને જીવનનો આકાર કેવી રીતે બન્યો.

## વિપક્ષના મોટા નેતાએ નરેન્દ્ર મોદીની કરી પ્રશંસા

। નવી દિલ્હી, તા.૨૫ ।

વિપક્ષ સતત વિવિધ મુદ્દાઓ પર મોદી સરકારને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યો છે. આવા સમયે વિપક્ષના એક મોટા નેતાએ મોદી સરકારના વખાણ કર્યા છે. ઓડિશાના મુખ્યમંત્રી અને બીજૂ જનતા દળના પ્રમુખ નવીન પટનાયકે ભ્રષ્ટાચારનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યા છે. તેમણે કહ્યું છે કે પીએમ મોદી ભ્રષ્ટાચારને જડમૂળથી ઉખેડવા માટે કામ કરી રહ્યા છે. આ સાથે તેમણે દેશમાં ભ્રષ્ટાચાર સામે લડવા માટે પીએમ મોદી દ્વારા લેવામાં આવેલા પગલાની પણ પ્રશંસા કરી છે. ઓડિશાના મુખ્યમંત્રીએ એક મીડિયા જૂથ દ્વારા આયોજિત સાહિત્ય ઉત્સવમાં હાજરી આપી હતી. મોદી સરકારને ૧૦માંથી ૮ રેટિંગ આપતા પટનાયકે વિદેશ નીતિ અને ભ્રષ્ટાચાર નાબૂદીની દિશામાં થઈ રહેલા કામની પ્રશંસા કરી હતી.

## વિશેષ

### શિક્ષણ ક્ષેત્રે દાહોદ બનશે વધુ સબળ : વધુ એક જવાહર નવોદય વિદ્યાલયની ભેટ મળશે

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રૂપિયા ૨૩ કરોડના ખર્ચે નવનિર્મિત જવાહર નવોદય વિદ્યાલયનું લોકાર્પણ કરશે

### નાનામાં નાના ગામ સુધી ગુણવત્તાસભર શિક્ષણ પહોચાડવાની સરકારની નેમ સિદ્ધ કરવાની દિશામાં આગેકદમ ગુજરાત

દેશના નાનામાં નાના ગામ સુધી ગુણવત્તાસભર શિક્ષણ પહોંચાડવાના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ સિદ્ધિ તરફ સતત આગળ વધી રહ્યો છે. તા. ૨૭મી સપ્ટેમ્બરે છોટા ઉદેપુર જિલ્લાના બોડેલીના પ્રવાસે આવતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી શિક્ષણ ક્ષેત્રે દાહોદ વધુને વધુ હરણફાળ ભરે તે માટે જવાહર નવોદય વિદ્યાલયની અમૂલ્ય ભેટ આપશે. જેનાથી શિક્ષણ ક્ષેત્રે દાહોદની ગૌરવભેર યાત્રા આગળ વધશે.




રૂ. ૨૩ કરોડના ખર્ચે નવનિર્મિત આ જવાહર નવોદય વિદ્યાલય દાહોદના લીમખેડા તાલુકાના પલ્લી ગામે બનાવવામાં આવી છે. ૩૦ એકર વિસ્તારમાં ફેલાયેલી આ કેન્દ્રીય વિદ્યાલય અનેક સુવિધાઓથી સંપન્ન છે. જેમાં ૧૪ વર્ગખંડ, ૪ લેબોરેટરી, લાઈબ્રેરી, સ્ટાફ રૂમ સહિત સ્કૂલ ઈમારત; ૧૯૨ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળું બોયઝ ડૉર્મિટરી, ૯૬ વિદ્યાર્થિનીઓની ક્ષમતાવાળું ગર્લ્સ ડૉર્મિટરી, કિચન, ૫૬૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળો ડાઈનિંગ હોલ, ક્વાર્ટ્સ, ૨ વોલી બોલ કોર્ટ-૨ બાસ્કેટ બોલ કોર્ટ અને રનિંગ ટ્રેક સહિતની સુવિધાઓવાળું રમતનું મેદાન, પમ્પ હાઉસ સહિતની સુવિધાઓનો સમાવેશ થાય છે. આ વિદ્યાલયમાં ધો-૬ થી ધો-૧૦ સુધીના વર્ગોમાં કુલ ૨૯૦ તેજસ્વી વિદ્યાર્થીઓને સમાવવાની ક્ષમતા છે, જેમાં ૧૭૪ વિદ્યાર્થીઓ અને ૧૧૬ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. બે તબક્કામાં નિર્માણ પામનારી આ જવાહર નવોદય વિદ્યાલયના પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થઈ ગયું છે, જેનું પ્રધાનમંત્રીશ્રી બુધવારે લોકાર્પણ કરશે. જ્યારે બીજા તબક્કાનું કામ હાલ પ્રગતિમાં છે, ત્યારબાદ બોયઝ અને ગર્લ્સ ડૉર્મિટરીની ક્ષમતામાં વધારો ઉપરાંત સ્ટાફ ક્વાર્ટસ તેમજ ગેસ્ટ હાઉસની સુવિધા પણ મળશે. મહત્વનું છે કે, જવાહર નવોદય વિદ્યાલયમાં દરેક વિદ્યાર્થીને નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવે છે. આ શાળાઓમાં વિદ્યાર્થીઓની ભરતી દેશવ્યાપી પ્રવેશ પરીક્ષા દ્વારા થાય છે, જે સી. બી. એસ. ઈ. દ્વારા દરેક જિલ્લામાં લેવામાં આવે છે અને ઉત્તીર્ણ થનાર તેજસ્વી વિદ્યાર્થીને ધો-૬માં પ્રવેશ આપવામાં આવે છે. દરેક જિલ્લા પ્રમાણે સ્થાનિક ગ્રામીણ વિદ્યાર્થીઓ માટે મહત્તમ બેઠક સંરક્ષિત રાખવામાં આવતી હોવાથી દાહોદના તેજસ્વી વિદ્યાર્થીઓને આ કેન્દ્રીય વિદ્યાલયમાં ભણતરથી માંડીને રહેવા-જમવા સહિતની તમામ અભ્યાસલક્ષી જરૂરિયાતો અને સુવિધાઓ નિઃશુલ્ક મળી રહેશે.

**રાજકોટના લોકોને સરકારે વધુ એક ભેટ આપી** | આ ફ્લાયઓવર થકી જામનગર- રાજકોટ વચ્ચે અવરજવર કરતા નાગરિકોના સમય અને ઇંધણનો બચાવ થશે

# રાજકોટના માધાપર ચોકડી પર સિક્સ લેન ઓવરબ્રિજનું ઈ-લોકાર્પણ કરાયું





। રાજકોટ, તા.૨૫ ।

રાજકોટના લોકોને સરકારે વધુ એક ભેટ આપી છે. રાજકોટના માધાપર ચોકડી પર સિક્સ લેન ઓવરબ્રિજનું ઈ-લોકાર્પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું છે. આ બ્રિજથી રાજકોટના નાગરિકોની સુવિધામાં વધારો થશે તેમજ આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના મોટા વાહનોને પણ આવનજાવનમાં વધુ સગવડ મળશે. આ ફ્લાયઓવર થકી જામનગર- રાજકોટ વચ્ચે અવરજવર કરતા નાગરિકોના સમય અને ઈંધણનો બચાવ થશે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને જરૂરી આંતરમાળખાકીય સુવિધાથી સજજ બનાવી અન્ય રાજ્યો માટે રોલ મોડલ બનાવ્યું છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે હવે દેશ ને આ વિઝનરી લીડરશિપ નો લાભ મળતો થયો છે. દેશમા ૯ વર્ષમાં ૩ લાખ ૨૮ હજાર કી. મી.ના ગ્રામીણ રસ્તાઓનું નિર્માણ થયું છે. દેશમાં રોજના ૩૭ કી. મી. હાઈવેનુ નિર્માણ થઈ રહ્યું છે એમ પણ તેમણે જણાવ્યું હતું. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સુદ્રઢ માળખાને વધુ વિકસિત કરવા માટે રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં માર્ગ મકાન વિભાગ માટે રૂ. ૨૦,૬૦૦ કરોડ જેટલી રકમ ફાળવી છે તેની ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી.

હાઈવેને ફોરલેન બનાવવા માટે ૨૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે એટલું જ નહિ હાઈવે સાથે મોટા શહેરોમાં ઈઝ ઓફ લિવિંગ વધે તે માટે તેના રસ્તાઓને વધુ વિકસિત કરવાની રાજય સરકારની નેમ છે એમ તેમણે ઉમેર્યું હતું. આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસ દ્વારા રાષ્ટ્રના વિકાસમાં નવા સીમાચિહ્નો સ્થાપવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પ્રતિબધ્ધ છે એમ ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું. કલેક્ટર પ્રભવ જોશીએ સ્વાગત ઉદબોધન કર્યું હતું. ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ ઓવરબ્રિજના પ્રવેશ પાસે પરંપરાગત રીતે શ્રીફળ વધેરીને બ્રિજને ખુલ્લો મુક્યા બાદ શુભારંભ થયેલા બ્રિજ પર સફર કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીના હસ્તે શરૂ થનાર આ બ્રીજ રૂ. ૬૦ કરોડથી વધુના ખર્ચે બન્યો છે, તેની લંબાઈ ૧૧૨૫ મીટર અને ૨૧૧ મીટર પહોળાઈ છે, આ ઓવરબ્રિજની બંને તરફ ૮.૮ મીટર પહોળાઈના સર્વિસ રોડ રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. આ બ્રીજ સ્ટ્રીટ લાઈટ તેમજ વરસાદી પાણીના નિકાલ માટે ડ્રેનેજની સુવિધાથી સજ્જ છે. ઓવરબ્રિજના વાહનની સુગમ અવરજવર માટે માધાપર ચોકડી પર ૫૦ મીટર અને માધાપર ગામથી ઈશ્વરીયા પાર્ક તરફ જવા માટે ૩૦ મીટર પહોળાઈનું જંકશન પણ બનાવવામાં આવેલ છે.

**કોલેજના પ્રોફેસર પર યૌન શોષણનો મુદ્દો**

## રાજકોટની એમ.જે. કુંડલિયા કોલેજના પ્રો.જ્યોતિન્દ્ર જાનીને સસ્પેન્ડ કરાયા

**મહિલા કોલેજના સંચાલકો અને ટ્રસ્ટીઓની બેઠકમાં પ્રોફેસરને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો છે, NSUI દ્વારા પણ પ્રોફેસરને સસ્પેન્ડ કરવાની માગ કરાઇ હતી**

। રાજકોટ, તા.૨૫ ।

રાજકોટમાં પ્રોફેસર જ્યોતિન્દ્ર જાની પર યૌન શોષણના આરોપને લઈ વિરોધ કરવામાં આવી રહ્યો છે. જેને લઈ આખરે પ્રોફેસર જ્યોતિન્દ્ર જાનીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પ્રોફેસર પર સૌરાષ્ટ્ર યુનિ.ની વિદ્યાર્થિનીએ ગંભીર આરોપ લગાવ્યા હતા. Ph.Dની વિદ્યાર્થિનીએ પ્રોફેસર પર જાતિય શોષણના આરોપ લગાવ્યા હતા. અત્રે જણાવીએ કે, કુલપતિને પત્ર લખી પ્રોફેસર પર ગંભીર આરોપ કર્યા હતા. મહિલા કોલેજના સંચાલકો અને ટ્રસ્ટીઓની બેઠકમાં પ્રોફેસરને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો છે. NSUI દ્વારા પણ પ્રોફેસરને સસ્પેન્ડ કરવાની માગ કરાઈ હતી.

એમ. જે. કુંડલિયા કોલેજના પ્રોફેસર પાસે Ph.D કરતી એક વિદ્યાર્થિની સાથે ગાઈડ જ્યોતિન્દ્ર જાનીએ અણછાજતું વર્તન કરી શારીરિક છેડછાડ કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. જેને લઈને કુલપતિએ UGCના નિયમ મુજબ એક કમિટીની રચના કરીને તપાસનો આદેશ પણ કર્યો હતો. તપાસ દરમિયાન કમિટી સમક્ષ કેટલીક ચોંકાવનારી હકીકત આવી હતી અને પ્રોફેસરે વિદ્યાર્થિનીની અનિચ્છા હોવા છતાં તેને સ્પર્શ કરી સન્માન ઘવાય તેવા શબ્દો ઉચ્ચાર્યા હતા.

**ધોળે દિવસે ૫ લૂંટારૂઓએ રિવોલ્વરની અણીએ લૂંટ ચલાવી**

## મહેસાણાનાં જોટાણા તાલુકા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખનાં ઘરે લૂંટ થઇ

**આ બાબતની જાણ પાડોશીઓને થતા પાડોશીઓએ તાત્કાલીક આ અંગે પોલીસને જાણ કરતા પોલીસ દોડતી થઈ ગઈ હતી**

। મહેસાણા, તા.૨૫ ।

મહેસાણાનાં જોટાણા તાલુકા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખનાં ઘરે ધોળે દિવસે લૂંટારૂઓએ રિવોલ્વરની અણીએ લૂંટ ચલાવતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે બપોરનાં સુમારે અચાનક જ મૃગેશ ચાવડાનાં ઘરે હથિયારો સાથે લૂંટારૂઓ ત્રાટકતા ઘરનાં સભ્યો સહિત પાડોશીઓમાં પણ ભયનો માહોલ વ્યાપી ગયો હતો. રિવોલ્વર ની અણીએ લૂંટ કરી ફરાર બપોરનાં સુમારે અચાનક જ જોટાણા તાલુકા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ મૃગેશ ચાવડાનાં ઘરે ૩ મહિલાઓ એકલી હતી. ત્યારે અચાનક પાંચ જેટલા શખ્શો હથિયારો સાથે ઘરમાં ધુસી જતા મહિલાઓએ બુમાબુમ કરી મુકી હતી. આ બાબતની જાણ પાડોશીઓને થતા પાડોશીઓએ તાત્કાલીક આ અંગે પોલીસને જાણ કરતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. ઘરના ઝઝ્ઝફ બંધ હોવાથી આરોપીઓની ઓળખ કરવી મુશ્કેલઅસામાજીક તત્વોને હવે કાયદાનો ડર રહ્યો ન હોય તેમ ધોળે દિવસે મહેસાણા તાલુકા કોંગ્રેસ સમિતનાં પ્રમુખ મૃહેશ ચાવડાનાં ઘરે લૂંટ ચલાવતા લોકોમાં ભય વ્યાપી ગયો હતો. ત્યારે આ અંગેની જાણ પોલીસને થતા પોલીસ તાત્કાલિક ઘટનાં સ્થળે દોડી ગઈ હતી. પરંતુ પોલીસ પહોંચે તે પહેલા લૂંટારૂઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

**ઉકાઈ ડેમની જળ સપાટી ૩૪૪ ફૂટે પહોંચી**

## ઉકાઇ ડેમ સતત પાંચમાં વર્ષે ૧૦૦ ટકા ભરાશે

**ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફૂટ છે,ત્યારે હવે ઉકાઈ ડેમની જળસપાટી ભયજનકથી માત્ર એક ફૂટ જેટલી જ દૂર રહી છે**



। સુરત, તા.૨૫ ।

ઉકાઈ ડેમ સતત પમા વર્ષે ૧૦૦ ટકા ભરાશે. આજે બપોરે ૧૨ કલાકે ડેમની સપાટી ૩૪૪.૦૬ ફૂટ પહોચી હતી. ડેમમાં પાણીની આવક ૬૩૩૫૪ કયુસેક અને જાવક પણ તેટલી જ નોંધાઈ હતી. ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફૂટ છે.ત્યારે હવે ઉકાઈ ડેમની જળસપાટી ભયજનકથી માત્ર એક ફૂટ જેટલી જ દૂર રહી છે. સુરતમાં ગત મોડીરાતથી વરસાદી માહોલ જોવા મળ્યો છે, આજે બપોર સુધી શહેરના અનેક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ વરસી રહ્યો છે, તો બીજી તરફ આજે બપોરે ૧૨ કલાકે ઉકાઈ ડેમની જળસપાટી ૩૪૪ ફૂટ સુધી પહોચી ગઈ હતી. ઉકાઈ ડેમ સતત પમાં વર્ષે ૧૦૦ ટકા ભરાશે. રતમાં વરસાદી માહોલ

હવામાન વિભાગની આગાહી અનુસાર દક્ષિણ ગુજરાતમાં વરસાદ વરસી રહ્યો છે. સુરત શહેરમાં ગત મોડી રાતે વરસાદ વરસ્યો હતો. જેના પગલે ઉધના, લીંબાયતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા લોકોને હાલાકી પડી હતી.વરસાદે થોડો સમય વિરામ લીધા બાદ ફરી શહેરના કાપોદ્રા, વરાછા, સરથાણા સહિતના અનેક વિસ્તારોમાં છૂટો છવાયો વરસ્યો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી, તો બીજી તરફ વરસાદી માહોલ રહેતા નોકરી-ધંધા તેમજ સ્કૂલ-કોલેજ જતા વિદ્યાર્થીઓને રેઈનકોટ તેમજ છત્રી લઈને ભારે મુશ્કેલી વચ્ચે જવાની ફરજ પડી હતી.

ઉકાઈ ડેમ સતત પમા વર્ષે ૧૦૦ ટકા ભરાશે. આજે બપોરે ૧૨ કલાકે ડેમની સપાટી ૩૪૪.૦૬ ફૂટ પહોચી હતી. ડેમમાં પાણીની આવક ૬૩૩૫૪ કયુસેક અને જાવક પણ તેટલી જ નોંધાઈ હતી. ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફૂટ છે.ત્યારે હવે ઉકાઈ ડેમની જળસપાટી ભયજનકથી માત્ર એક ફૂટ જેટલી જ દૂર રહી છે. મહત્વનું છે કે ઉકાઈ ડેમ ૩૪૫ ફૂટ સુધી ભરાશે તો સતત પાંચમા વર્ષે તે સંપૂર્ણ ભરાશે. ઉકાઈ ડેમ છેલ્લા ૪ વર્ષથી સંપૂર્ણ ભરવામાં આવી રહ્યો છે. ઉકાઈ ડેમ સંપૂર્ણ ભરવાના કારણે સુરત સહિત દક્ષિણ ગુજરાતને સિંચાઈ અને પીવા માટે પુરતું પાણી મળી રહે છે.

**ન્યૂઝ બ્રિફ**

### સુરતના પલસાણામાં બે દિવસના વિરામ બાદ ધોધમાર વરસાદ

। સુરત, તા.૨૫ ।

સુરતના પલસાણા વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. સુરતના ચલથાણ, કડોદરા અને કરણ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. વિસ્તારમાં બે દિવસના વિરામ બાદ ફરી એકવાર વરસાદ વરસતા મોટી રાહત સર્જાઈ છે. હવામાન વિભાગની આગાહી મુજબ જ વરસાદ સુરત સહિત દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસી રહ્યો છે. સુરત શહેરના પણ અનેક વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો છે. સુરતના પલસાણા વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. સુરતના ચલથાણ, કડોદરા અને કરણ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. વિસ્તારમાં બે દિવસના વિરામ બાદ ફરી એકવાર વરસાદ વરસતા મોટી રાહત સર્જાઈ છે.

## નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહનો પ્રતિબંધ લંબાવાયો

। અમદાવાદ, તા.૨૫ ।

રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ પર હાલ પ્રતિબંધ છે. આ પ્રતિબંધ નાગરિકોનું સ્વાસ્થ્ય વધુ સુદ્રઢ બને તે માટે તા.૧૩ સપ્ટેમ્બર-૨૦૨૩થી વધુ એક વર્ષ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો હોવાનું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જણાવાયું છે. ગુટકા પર પ્રતિબંધફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અન્વયેના નિયમો તથા રેગ્યુલેશન-૨૦૧૧ હેઠળ આ પ્રતિબંધ મૂકાયો છે. જેમાં કોઈપણ ખાદ્યચીજમાં તમાકુ કે નીકોટીન ઉમેરવું એ પ્રતિબંધ છે. ગુટકામાં તમાકુ કે નિકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ નુકશાન થતું હોય છે. જેથી નાગરિકો તથા ભાવિ પેઢીના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે ગુટકા પર પ્રતિબંધ મૂકવો જરૂરી હોઈ આ નિર્ણય કરાયો છે. આ નિયમનો ભંગ કરનાર સામે કડક હાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

આ ઉપરાંત કોઈપણ વેપારી ગુટકા કે પાનમસાલા કે જેમાં તમાકુ કે નિકોટીનની હાજરી હોય તેના વેચાણ, સંગ્રહ અને વિતરણ કરતા પકડાશે તો તેને કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગરની યાદીમાં વધુમાં જણાવાયું છે.

## જાહેર રજાઓને ધ્યાનમાં રાખીને સ્ટેચ્યુ ઓફ યુનિટી સોમવારે ખુલ્લો રહેશે

। નર્મદા, તા.૨૫ ।


હવે પ્રવાસીઓ જાહેર રજાના દિવસે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીનો નજારો માણી શકશે. કારણ કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી સોમવારના દિવસે આવતા ગાંધી જયંતિ, ગુરૂનાનક જયંતિ અને નાતાલના દિવસે પ્રવાસીઓ માટે ચાલુ રાખવા નિર્ણય લેવાયો છે. તેથી જો તમે રજાના દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટી ફરવા જવાનો પ્લાન બનાવતા હોવ તો ચોક્કસ બનાવજો. સોમવારના દિવસે આવે છે જાહેર રજાઓ નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આવેલી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે દર સોમવારે બંધ રાખવામાં આવે છે. આગામી દિવસોમાં સોમવારના દિવસે આવતી જાહેર રજાઓમાં તા.૨ ઓકટોબર ગાંધી જયંતિ, તા.૨૭ નવેમ્બર ગુરુનાનક જયંતિ અને તા. ૨૫ ડિસેમ્બર નાતાલનો સમાવેશ થાય છે. પ્રવાસીઓ બહોળી સંખ્યામાં જાહેર રજાના દિવસે એકતાનગર ખાતે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા અન્ય પ્રવાસન સ્થળોની મુલાકાત લઈ શકે તે હેતુથી આ ત્રણ જાહેર રજાના દિવસે સોમવારના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે ચાલુ રાખવાનો નિર્ણય સત્તાધીશો દ્વારા કરવામાં આવ્યો હોવાનુ સ્ટેચ્યુ ઓફ યુનિટીના અધિક કલેકટર ગોપાલ બામણીયાએ જણાવ્યુ હતું.

**સતત બીજા દિવસે બસ અકસ્માતની ઘટના ઘટી**

## શામળાજી રોડ પર બસ પલટી ખાઇ જતાં ૧૬ મુસાફરો ઘાયલ

। અરવલ્લી, તા.૨૫ ।

અરવલ્લી જિલ્લાના શામળાજી પાસે આજે એક ખાનગી સ્લીપર કૉચ બસ જે અમદાવાદથી કાનપુર જઈ હતી તે રસ્તામાં અણસોલ પાટિયા નજીક પલટી ખાઈ ગઈ હતી.આજે સતત બીજા દિવસે બસ અકસ્માતની ઘટના ઘટી છે, આજે અરવલ્લી જિલ્લામાં એક ખાનગી બસ પલટી ખાઈ જવાની ઘટનામાં ૧૬ જેટલા મુસાફરો ઘાયલ થવાના સમાચાર છે. મળતી માહિતી પ્રમાણે, તમામ ઘાયલોને સારવાર અર્થે શામળાજી અને હિંમતનગર હૉસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે. આજે ફરી એકવાર શામળાજીમાં બસ પલટી ખાઈ જવાની ઘટના ઘટી છે. અરવલ્લી જિલ્લાના શામળાજી પાસે આજે એક ખાનગી સ્લીપર કૉચ બસ જે અમદાવાદથી કાનપુર જઈ હતી તે રસ્તામાં અણસોલ પાટિયા નજીક પલટી ખાઈ ગઈ હતી. આ દૂર્ઘટમાં બસમાં સવાર ૧૬ મુસાફરો ઘાયલ થયા હતા, જેઓને હાલમાં સારવાર અર્થે શામળાજી હૉસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે.




**આ મેચ ૨૭ સપ્ટેમ્બરે રમાશે**

## રાજકોટમાં ઓસ્ટ્રેલિયા અને ભારતીય ક્રિકેટ ટીમનું સ્વાગત

**ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની વનડે સિરીઝની ત્રીજી અને અંતિમ વનડે મેચ રાજકોટમાં રમાશે**

। રાજકોટ, તા.૨૫ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની વનડે સિરીઝની ત્રીજી અને અંતિમ વનડે મેચ રાજકોટમાં રમાશે. આ મેચ માટે બંને ટીમો આજે રાજકોટ પહોંચી ચુકી છે. રાજકોટમાં હોટેલ પ હોંચેલી બંને ટીમોનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજકોટમાં હવે ત્રણ દિવસ ક્રિકેટ ફીવર જોવા મળવાનો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સિરીઝની અંતિમ વનડે રાજકોટમાં રમાશે. આ મેચ ૨૭ સપ્ટેમ્બરે રમાશે. આજે બંને ટીમ રાજકોટ પહોંચી હતી. ભારતીય ટીમ સયાજી હોટલમાં રોકાશે. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ ફોર્ચ્યુન હોટલમાં રોકાશે. રાજકોટમાં વનડે મેચને લઈને જોરદાર તૈયારી કરવામાં આવી છે. હોટલોએ પણ ખેલાડીઓને આવકારવા માટે તૈયારીઓ કરી છે. ખેલાડીઓને કોઈ કચાસ ન રહે તે માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે.

સયાજી હોટલમાં ટીમ ઈન્ડિયાને ૭૦ જેટલા રૂમ ફાળવવામાં આવ્યા છે. ભારતીય ટીમ કોચ રાહુલ દ્રવિડ સાથે રાજકોટ પહોંચી છે. ખેલાડીઓ માટે વિવિધ ભોજન સહિત અનેક તૈયારીઓ કરવામાં આવી છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વનડે મેચને લઈને સૌરાષ્ટ્રમાં ક્રિકેટ ફીવર છવાયો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર


ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨